શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

[ટ્રસ્ટ રજિ. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા.૩૧-૧-૮૭]

[ઈન્કમટેક્ષ મુક્તિ નં. CIT/GNR/80G(5)/MHN-85/2007-2008]

Visit us at
www.vaishnavparivar.org

ચિત્રો

શ્રી વિમળાબેન ભાટીયા

અને

શ્રી શ્યામસુંદર પુરોહિત

આટલું જાણી લો

૧. દરેક મહિનાની ૧૫મી તારીખથી ૨૦મી તારીખ સુધીમાં અંક પોસ્ટ થશે.

૨. લવાજમ ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. ત્યારબાદ કોઈ સંજોગોમાં સ્વીકારાતું નથી.

૩. તમારો પાવતી નંબર એ જ ગ્રાહક નંબર છે. તે ખાસ નોંધી રાખો. પત્રવ્યવહારમાં તેનો ખાસ ઉલ્લેખ કરવો.

૪. પત્રવ્યવહાર કરો ત્યારે પૂરું નામ-સરનામું અને ગ્રાહક નંબર ખાસ લખવાં.

૫. અંક ન મળ્યાની ફરિયાદ જે-તે મહિનાની છેલ્લી તારીખે જ કરવી. ફોરેનના ગ્રાહકોએ બીજા મહિના-ની પંદરમી તારીખ સુધી રાહ જોવી.

૬. બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે કરવો.

૭. આજીવન લવાજમ સ્વીકારાતું નથી.

મહેસાણા કાર્યાલય

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા.
ફોનઃ (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
ફોન : (ઑ) ૨૨૦૬૦૮૫૮,૨૨૦૧૦૦૮૪
(રહે) ૨૩૬૯૩૮૨૧, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

વડોદરા કાર્યાલય

શ્રી હરસાનીજી પ. ચે. ટ્રસ્ટ (શ્રી મુકેશભાઈ બી. દલાલ)
SB-13, બ્લ્યુચીપ કોમ્પલેક્ષ, સ્ટોક એક્ષચેન્જ
ટાવરની બાજુમાં, સયાજીગંજ, વડોદરા

અંધેરી કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી સદન,
રાધિકા નિવાસ પાછળ, સર એમ. વી. રોડ, અંધેરી
(ઈસ્ટ), મુંબઈ, ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩

અમેરિકા સંપર્ક કેન્દ્ર

Bharat K. Mehta
28, Semel Avenue, Iselin,
NJ-08830 (USA)
PH: 732-321-4041,
Email: b1k1m1@hotmail.com

•

Shri Rajendra K. Patel
1707, Edington, Portage,
MI - 49024 (U.S.A.)
Phone : 269-323-1880

॥ શ્રીહરિઃ ॥

બાલપુષ્ટિ

(વર્ષ ૨૦૧૩-૧૪ નું ભેટપુસ્તક)

ફેબ્રુઆરી-૨૦૧૪ : વર્ષ-૧૯ : અંક-૧૧ : સળંગ અંક ૨૨૭)

રસસાગર અને શિક્ષાસાગર
શ્રીહરિરાય મહાપ્રભુ

તંત્રી - લેખન - સંકલન

વસંતબેન ર. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

બાલમિત્રોને

વ્હાલાં બાલમિત્રો,

વસંતબેનના સસ્નેહ જયશ્રીકૃષ્ણ અને આશીર્વાદ. મિત્રો, તમારું માનીતું બાલપુષ્ટિ તમને દર વર્ષે રંગબેરંગી ચિત્રોવાળું નાનું પુસ્તક ભેટ આપે છે, તે બાબત તો તમે જાણો જ છો. આ વર્ષે પણ તમારે માટે આ સુંદર ચિત્રોવાળું પુસ્તક તૈયાર થયું છે. ફેબ્રુઆરી માસના વિશેષાંક તરીકે તમને અપાઈ રહ્યું છે, તેનો આનંદ છે.

છેલ્લા ત્રણ વર્ષથી ભેટપુસ્તકની આ શ્રેણી તમને પુષ્ટિમાર્ગના પ્રતાપી આચાર્ય મહાનુભાવોનો પરિચય કરાવી રહી છે. 'શ્રીગોપીનાથજી પ્રભુચરણ', 'શ્રીગુસાંઈજી પ્રભુચરણ', 'ચતુર્થ કુમાર શ્રીગોકુલેશ પ્રભુ' પછી આ શ્રેણીમાં આજે પ્રગટ થઈ રહ્યું છે તે પુસ્તક તમને પુષ્ટિમાર્ગના રસસાગર અને શિક્ષાસાગર શ્રીહરિરાય મહાપ્રભુનો પરિચય કરાવશે.

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલેશપ્રભુ પછી આપણા સંપ્રદાયમાં સમર્થ આચાર્ય તરીકે શ્રીહરિરાયજીનું મોટું યોગદાન છે. સંપ્રદાયમાં તેઓ શિક્ષાપત્રના રચયિતા તરીકે પ્રસિદ્ધ છે. 'મહાપ્રભુ' અને 'પ્રભુચરણ' બંને બિરુદોથી સંપન્ન છે.

આપશ્રી સંસ્કૃત તેમજ વ્રજભાષાના પ્રકાંડ પંડિત, ખૂબ વિદ્વાન તેમજ એક સમર્થ સાહિત્યકાર છે. પ્રભુસેવાપરાયણ અને શ્રીજીબાવાના કૃપાપાત્ર છે.

દીનતાસાગર અને શિક્ષાસાગર એવા શ્રીહરિરાય મહાપ્રભુએ ભૂતલ ઉપર ૧૨૫ વર્ષ બિરાજી અનેક સંસ્કૃત ગ્રંથો, ટીકાઓ, ભાવ-ભાવનાઓ તેમજ પદોની રચના કરી છે. પુષ્ટિમાર્ગનો એકપણ વિષય એવો નથી જેના ઉપર આપશ્રીએ ગદ્ય કે પદ્યમાં રચના ન કરી હોય. સંસ્કૃત અને વ્રજભાષા બંનેમાં રચાયેલા તેમના સાહિત્ય દ્વારા પુષ્ટિમાર્ગીય સાહિત્ય ખૂબ સમૃદ્ધ બન્યું છે. તેમના દ્વારા લખાયેલા શિક્ષાપત્રો અને ૮૪-૨૫૨ ભગવદીયોની વાર્તાઓ વૈષ્ણવોના ઘરેઘરે નિત્ય સત્સંગમાં વંચાય છે.

આ નાનકડા પુસ્તકમાં તેમનો સંક્ષિપ્ત પરિચય બહુરંગી સુંદર ચિત્રો દ્વારા આપ્યો છે. તમે સહુ વાંચજો અને તમારા મિત્રોને પણ વંચાવજો. સુંદર ચિત્રો માટે દર વર્ષની જેમ શ્રી વિમલાબેન ભાટિયા અને શ્રીશ્યામસુંદરજી પુરોહિતનો આભાર માનજો. તેમજ આ પુસ્તકના મનોરથી વૈષ્ણવોને પણ તમારા ભગવદ્ સ્મરણ પાઠવજો.

સૌનો આભાર.

- વસંતબેન પરીખ

આ ભેટપુસ્તક - વિશેષાંકના મનોરથી

- વિરમતિબેન જગુભાઈ અમીનના જયશ્રીકૃષ્ણ.
- ગં. સ્વ. શાન્તાબેન કાન્તિલાલ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.
- અહમદનગર વૈષ્ણવ મહિલા મંડળ (અહમદનગર)ના જયશ્રીકૃષ્ણ.
- ડૉ. રેશ્માબેન ડાહ્યાલાલ જીમુલીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.
- ગો. વા. દિનેશભાઈ જયંતિલાલ દેસાઈ હ. અનુસૂયાબેન દિ. દેસાઈ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.
- પ. ભ. કોકીલાબેન શશીકાંત શાહ (ધનસુરાવાળા-અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.
- ગો. વા. નર્મદાબેન છોટાલાલ ઉગરચંદ શાહ (ધનસુરા-અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.
- રાધિકાબેન જયંતિલાલ મોરજરીયા (લંડન-યુ.કે)ના જયશ્રીકૃષ્ણ.
- ગો.વા. ધનકુંવરબેન એમ. સંઘાણી, ગો.વા. મંગળજી કે. સંઘાણી, હ. વસંતરાય મંગળજી સંઘાણી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.
- ગો.વા. વિલાસગૌરી વિ. સંઘાણી, ગો.વા. કુ. વર્ષા વિ. સંઘાણી, હ. વસંતરાય મંગળજી સંઘાણી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.
- પ્રવિણભાઈ એમ. દેવાણી (કેશોદવાળા) (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.
- ઉર્વીશકુમાર ગિરીશકુમાર શેઠ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.
- મૃદુલાબેન દિલીપભાઈ મજમુદાર (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.
- એક વૈષ્ણવ (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.
- ચિ. તુલસી, આરતી, જયતિ અને દીપમ્ (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.
- અનન્યા તથા પરમ પ્રિયેશ ઠકરાર (યુ. કે.)ના જયશ્રીકૃષ્ણ.
- પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.
- શ્રીમતી શાન્તાબેન જયરામભાઈ દેસાઈ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

- કિશોરભાઈ ગાંધી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.
- રન્નાબેન જ્યોતીન્દ્ર કોઠારી (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.
- ગો. વા. શ્રી સરોજબેન પરીખ હસ્તે ડૉ. વત્સલ પરીખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.
- સવિતાબેન ભાનુપ્રસાદ જમનાદાસ ચોકસી (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.
- રોનક, તનવી, રોહન, વિશાન, જાનવી, વીર, અર્જુન શાહ (પરલીન)ના જયશ્રીકૃષ્ણ.
- એક વૈષ્ણવ (પોરબંદર)ના જયશ્રીકૃષ્ણ.
- ગો. વા. સોની શારદાબેન પ્રાણલાલ રાજપરા (આંબાવાળા) (હાલ : રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.
- ધીરેન્દ્ર વિઠ્ઠલદાસ શાહ (મદ્રાસ)ના જયશ્રીકૃષ્ણ.
- કાનજીભાઈ અરજણભાઈ સાવલીયા (જૂનાગઢ)ના જયશ્રીકૃષ્ણ.
- ત્રિશા પ્રતિક શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.
- પદ્માબેન સી. મોદી (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.
- જયંતભાઈ અને હસમુખબેન કડકીયા (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.
- જયદેવભાઈ ડી. ઉનડકટ (પોરબંદર)ના જયશ્રીકૃષ્ણ.
- પ. ભ. શ્રીમતી ભાવનાબેન સુરેશભાઈ કાંતિલાલ શેઠ પરિવાર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.
- ગો. વા. દિનેશભાઈ જયંતિલાલ દેસાઈ, હસ્તે અનસૂયાબેન દિ. દેસાઈ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ

બાલપુષ્ટિ

(વર્ષ ૨૦૧૩-૧૪નું ભેટપુસ્તક)

રસસાગર અને શિક્ષાસાગર શ્રીહરિરાય મહાપ્રભુ

અનુક્રમ

ક્રમ	પ્રસંગ	પેજ નંબર
૧	શ્રીકલ્યાણરાયજીનું પ્રાગટ્ય	૯
૨	શ્રી હરિરાયજીનું પ્રાગટ્ય	૧૨
૩	બાળપણ અને લગ્ન	૧૫
૪	ગૃહસ્થાશ્રમ અને ભગવદ્ સેવા	૨૦
૫	ચમત્કારને નમસ્કાર	૨૫
૬	શ્રીહરિરાયજીના પ્રવાસ અને બેઠકજી	૨૯
૭	શ્રીહરિરાયજીની સાહિત્ય રચના	૩૪
૮	શ્રીહરિરાયજીનું અલૌકિક સામર્થ્ય	૩૮
૯	હોં વારિ ઈન વલ્લભીયન પર	૪૩
૧૦	કૃપા શ્રીગોવર્ધનધરની	૪૯
૧૧	શ્રીહરિરાયજીની ભક્તિભાવના	૫૫
૧૨	વૈષ્ણવનું સ્વરૂપ	૫૮



પૌત્રજન્મની વધાઈ સ્વરૂપે શ્રીગુસાંઈજી શ્રીનાથજીબાવાને સુવર્ણનાં નૂપુર ધરે છે.

શ્રી હરિરાય મહાપ્રભુ

૧. શ્રી કલ્યાણરાયજીનું પ્રાગટ્ય

રાત્રે સત્સંગના સમયે બાળકો દાદાજીની સામે ગોઠવાઈ ગયાં છે. દાદાજીએ બાળકોને એક સુંદર ચિત્ર બતાવ્યું. પૂછ્યું : 'આ ચિત્રમાં કોનાં દર્શન થાય છે?'

'શ્રી હરિરાયજીનાં'. બધાં એકસાથે બોલી ઊઠ્યાં. 'અમને ખબર છે દાદાજી, આજે ભાદરવા વદ પાંચમ છે. શ્રીહરિરાયજી મહાપ્રભુનો પ્રાગટ્યદિન છે.'

'વાહ! તમે બધાં તો ખૂબ હોંશિયાર થઈ ગયાં છો ને!'

'આજે બાએ શ્રીપ્રભુ સન્મુખ ફૂલની મોટી સુંદર સાંઝી પૂરી હતી. સાંઝીના દિવસો હોવાથી અને શ્રીહરિરાયજીનો પ્રાગટ્ય દિવસ હોવાથી આ સજાવટ થઈ છે, એવું અમને મોટીબાએ સમજાવ્યું હતું.'

'દાદાજી, શ્રીહરિરાયજી કોણ હતા? તેમનું પ્રાગટ્ય ક્યાં થયેલું?' દીપમે પૂછ્યું.

'દાદાજી, આજે સત્સંગમાં શ્રીહરિરાયજી વિશે કહો.'જયતીએ કહ્યું. 'હા દાદાજી, અમને બધાંને પણ શ્રીહરિરાયજીના પ્રસંગો સાંભળવા છે.' સૌએ એકી અવાજે સંમતિ આપી.

દાદાજીએ શરૂઆત કરી. 'શ્રીહરિરાયજી પુષ્ટિસંપ્રદાયના એક મહાન આચાર્ય છે. તેમને વૈષ્ણવો શ્રીહરિરાય મહાપ્રભુ અને શ્રીહરિરાય પ્રભુચરણ તરીકે સંબોધે છે. તેઓએ 'શિક્ષાપત્ર' જેવો અદ્‌ભુત અલૌકિક ગ્રંથ આપ્યો છે, જેમાં પુષ્ટિમાર્ગના સર્વ સિધ્ધાંતો સરળ ભાષામાં સમજાવ્યા છે. તે ઉપરાંત પણ ઘણું સાહિત્ય રચ્યું છે. આપણે તેમનો પરિચય મેળવીશું.

શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર હતા શ્રીગોવિંદરાયજી. શ્રીગોવિંદરાયજીના પુત્ર શ્રીકલ્યાણરાયજી અને તેમના પુત્ર થયા શ્રીહરિરાયજી.

આપણે પહેલાં શ્રીગોવિંદરાયજીનો પરિચય મેળવીએ.

તેમનું પ્રાગટ્ય સં.૧૫૯૬માં થયું હતું. શ્રીગુસાંઈજીના તેઓ દ્વિતીય પુત્ર હતા. ઘરમાં સૌ તેમને ‘રાજાજી’ કહી બોલાવતા. તેઓ બાળપણથી જ પ્રભુની સેવા ખૂબ પ્રેમથી કરે. ઉત્થાપન સમયનાં પ્રભુનાં ઝારીજી ભરવાનો નિયમ. આવા સેવાપરાયણ શ્રી ગોવિંદરાયજીનાં લગ્ન લેવાયાં. સાંજનું ગોધૂલિવેળાનું મુહૂર્ત હતું. વરઘોડાની સર્વ તૈયારી થઈ ગઈ, પરંતુ શ્રીગોવિંદરાયજી તૈયાર થયા ન હતા. શ્રીગુસાંઈજીએ તેમને બોલાવ્યા. પૂછે છે : ‘રાજાજી, આપ ઉદાસ કેમ છો? આજે તો આપનાં લગ્ન છે.’

‘કાકાજી, હમણાં ઉત્થાપનનો સમય થશે. મારાથી ઉત્થાપનનાં ઝારીજી નહિ ભરી શકાય. આપ હંમેશા આજ્ઞા કરો છો કે લગ્ન એટલા માટે કરવાનાં કે આવનાર પાત્ર ભગવદ્ સેવામાં ઉપયોગી થાય, પણ આ લગ્નથી તો મારી ભગવદ્ સેવા છૂટી જાય છે. તેનું મને દુઃખ છે.’

શ્રીગુસાંઈજી આ સાંભળીને પ્રસન્ન થયા. પુત્રની સેવાની ભાવનાથી આનંદિત થઈ આજ્ઞા કરી : ‘બાવા, આપ સેવામાં પધારો. લગ્નનું મુહૂર્ત બીજું કઢાવીશું.’ ગોવિંદરાયજી રાજી થઈને સેવામાં પધાર્યા.

બીજું મુહૂર્ત કઢાવ્યું. આપનાં લગ્ન થયાં. વહુજીનું નામ શ્રીરાણીજી વહુજી. આપને ત્યાં સંવત ૧૬૨૫ના માગશર વદ સાતમે જયેષ્ઠ પુત્ર શ્રી કલ્યાણરાયજીનું પ્રાગટ્ય થયું. શ્રીગુસાંઈજીના આ પ્રથમ પૌત્ર હતા. શ્રીનાથજીબાવાએ શ્રીગુસાંઈજીને વધાઈ આપતાં પૂછ્યું : ‘કાકાજી, આપને ત્યાં પ્રથમ પૌત્રજન્મ થયો છે. મને વધાઈમાં શું આપશો?’

શ્રીગુસાંઈજીએ સુવર્ણનાં નૂપુર સિધ્ધ કરાવી, તેના ઉપર ‘શ્રીગોવિંદ’ શબ્દો અંકિત કરાવી, શ્રીનાથજીબાવાને અંગીકાર કરાવ્યાં. આજે પણ એ નૂપુર શ્રીનાથજીબાવાને ત્યાં બિરાજે છે.’

છીતસ્વામીજીએ વધાઈ ગાઈ :

કલિમેં પ્રગટ ભયે કલ્યાણ ।
સકલ અમંગલ દૂર કિયે હૈ, નાસત તિમિર ઉદય ભયો ભાણ ।।
ભયે મનોરથ સબ ભકતન કે, પાયો પદ નિર્વાણ ।
છીતસ્વામી ગિરિધરન શ્રી વિઠ્ઠલ, વારું તન મન પ્રાણ ।।


શ્રીગુસાંઈજી શ્રીકલ્યાણરાયજીના મસ્તકે શ્રીહસ્ત મૂકી તેમને અભયદાન આપે છે.

દાદાજીએ સમજાવ્યું : 'આ વધાઈ શ્રી છીતસ્વામીજીએ ગાઈ છે. તેઓ શ્રીગુસાંઈજીએ રચેલા અષ્ટછાપ મંડળના ભક્તકવિ હતા. તેમણે શ્રીગુસાંઈજી અને તેમના સાત બાળકો સિવાય કોઈ પૌત્રના પદ ગાયાં નથી. માત્ર આ જયેષ્ઠ પૌત્ર શ્રીકલ્યાણરાયજીની વધાઈનું પદ ગાયું છે. તેઓ કહે છે કે આ કલિયુગમાં જગતનું કલ્યાણ કરવા માટે પ્રગટ્યા છે માટે તેમનું નામ શ્રીકલ્યાણરાયજી છે. જેમ સૂર્ય ઊગે એટલે બધો અંધકાર દૂર થઈ જાય તેમ તેમના પ્રાગટ્યથી બધું અમંગલ દૂર થઈ ગયું છે. બધા ભક્તોના મનોરથ પૂર્ણ થયા છે. આવા શ્રીકલ્યાણરાયજી ઉપર હું મારા તન, મન, પ્રાણ ઓવારું છું.

શ્રીગુસાંઈજીને શ્રીકલ્યાણરાયજી ઉપર અનહદ પ્રીતિ હતી, કારણ એ તેમના પ્રથમ પૌત્ર - વ્યાજનું પણ વ્યાજ! તેમને પોતાની ગોદમાં ખેલાવતા. શ્રીકલ્યાણરાયજીનું સંસ્કારસિંચન શ્રીગુસાંઈજી દ્વારા થયું. તેમને નામમંત્ર પણ શ્રીગુસાંઈજીએ આપ્યો.

આ શ્રી કલ્યાણરાયજીને ત્યાં શ્રીહરિરાયજીનું પ્રાગટ્ય થયું. તેના વિશે આપણે આવતી કાલે જાણીશું. આજે આશ્રયનું પદ બોલીએ.

શ્રીહરિરાયજીએ આશ્રયનાં ઘણાં પદ રચ્યાં છે. તેમનું રચેલું જ એક પદ ગાઈએ.

તરેટી શ્રીગોવર્ધનકી રહિએ ।
નિત્યપ્રતિ મદનગોપાલલાલકે ચરનકમલ ચિત્ત લહિએ ।।૧।।
તન પુલકિત વ્રજ રજમેં લોટત ગોવિંદકુંડમેં નહિએ
રસિક પ્રીતમ હિત ચિતકી બાતેં શ્રીગિરિધારીજી સોં કહિએ ।।૨।।

૨. શ્રી હરિરાયજીનું પ્રાગટ્ય

શ્રી કલ્યાણરાયજી દસેક વર્ષના થયા હશે ત્યારે એક દિવસ શ્રીગુસાંઈજીના કાકા, શ્રીમહાપ્રભુજીના ભાઈ કેશવપુરીજી ગોકુળમાં આવ્યા. તેઓ સંન્યાસી

હતા. તેમની પાસે મોટો મઠ અને ખૂબ સંપત્તિ હતી, પણ એ સાચવે એવો કોઈ શિષ્ય કે યોગ્ય વારસ ન હોવાથી તેમણે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે આપના સાત પુત્રોમાંથી એક પુત્ર મને આપો. સાતે બાળકોએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી : 'કાકાજી, અમને ના આપશો. આપની છત્રછાયા અને પ્રભુની સેવા છોડી અમારે સંન્યાસી થવું નથી.'

શ્રીગુસાંઈજીએ પોતાના કાકાને કહ્યું : 'આપને હું કાલે જવાબ આપીશ.' આ બધી વાત સાંભળી રહેલા શ્રીકલ્યાણરાયજીએ મનમાં વિચાર કર્યો કે આ ઘરમાં હું સૌથી નાનો છું. બધાએ ના પાડી છે એટલે જરૂર કાકાજી મને આપી દેશે. પ્રભુનાં સેવા-સ્મરણ છોડીને મારે જવું પડશે? મારી વાત કોણ સાંભળશે?

આવા વિચારમાં તેમને આખી રાત ઊંઘ ન આવી. વહેલી સવારે ઊઠીને શ્રીગુસાંઈજી પાસે પધાર્યા. તેમની શૈયા પાસે બેસી. ચરણારવિંદ પકડી લીધા. શ્રીગુસાંઈજીએ જોયું તો નાનકડા કલ્યાણરાયજી!

'બાવા, આપ સવારના પહોરમાં? શું કામ છે? કેમ આંખમાં આંસુ છે?'

શ્રીકલ્યાણરાયજીએ એક પદ ગાયું. વિનંતી કરી.

હોં વ્રજ માગનો જુ, વ્રજ તજ અનત ન જાઉં ।
કર ન પસારો, શીશ ન નાઉં, યા વ્રજકે અભિમાન ।।

'હે તાતચરણ, હું આપની પાસે એટલું જ માગું છું કે જ્યાં પ્રભુ નિત્ય બિરાજે છે એવા આ વ્રજને છોડીને મારે બીજે ક્યાંય જવું ન પડે. હું કોઈની સામે હાથ ન લંબાવું, શીશ ન નમાવું. હું આ વ્રજનો છું, વ્રજાધીશનો છું એવું અભિમાન મને સદા રહે.'

આ રીતે આખું પદ ગાયા પછી છેવટે વિનંતી કરતાં કહ્યું કે આપનો હસ્તકમલ મારા મસ્તકે મૂકીને અભયદાન આપો, મને આશીર્વાદ આપો કે હું આ વ્રજ છોડીને ક્યાંય જઉં નહીં. મારે સુખ સંપત્તિ જોઈતાં નથી. પ્રતિષ્ઠા જોઈતી નથી. જોઈએ છે કેવળ ભગવદ્ સેવા અને સ્મરણ. આપ મને વચન આપો કે આપ મને કાકાજીને નહિ આપો.

દસ વર્ષના પૌત્રની આવી અલૌકિક ભાવના જાણી શ્રીગુસાંઈજી ગદ્ ગદ્ થઈ ગયા. પોતાના મુખારવિંદનું ચર્વિત તાંબુલ શ્રીકલ્યાણરાયજીના મુખમાં પધરાવ્યું. શ્રીમસ્તકે શ્રીહસ્ત પધરાવી અભયદાન આપ્યું. આજ્ઞા કરી : 'બાવા, તમે ચિંતા ના કરશો. હું તમને કાકાજીને નહિ સોંપું. આપણો પરિવાર તો પ્રભુનો છે અને પ્રભુની સેવા માટે છે.'

બાળપણથી જ આવા સેવાપરાયણ શ્રીકલ્યાણરાયજીનાં લગ્ન થયાં. તેમનાં વહુજીનું નામ હતું શ્રીજમુનાવહુજી. શ્રીકલ્યાણરાયજી અને શ્રીજમુનાવહુજી બંને પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીની સેવા ખૂબ તત્પરતાથી કરે છે. વર્ષો સુધી તેમને ત્યાં કોઈ સંતાન ન થવાથી ચિંતા રહેતી કે મારા પછી પ્રભુને કોણ લાડ લડાવશે? શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરી કે બાવા ચિંતા ન કરશો. આપના હૃદયમાં શ્રીગુસાંઈજી ચર્વિત સ્વરૂપે બિરાજે છે. એ જરૂર પ્રગટ થશે. શ્રીગોકુલેશપ્રભુના આશીર્વાદથી વિક્રમ સંવત ૧૬૪૭ના ભાદરવા વદ પાંચમે તેમને ત્યાં શ્રીહરિરાયજીનું પ્રાગટ્ય થયું. આખા ગોકુળમાં આનંદ છવાઈ ગયો. સૌ નંદમહોત્સવ મનાવવા અને નવજાત બાળકનાં દર્શન કરવા આવવા લાગ્યા. બાળકનાં દર્શન કરતાં સૌને લાગ્યું કે જાણે શ્રીગુસાંઈજીનું જ આ બીજું સ્વરૂપ છે. શ્રીગુસાંઈજી જ બાળક બની ફરી પ્રગટ થયા છે. તેથી જ શ્રીગુસાંઈજીની જેમ શ્રીહરિરાયજીને પણ આપણે 'પ્રભુચરણ' કહીએ છીએ.

'દાદાજી, શ્રીહરિરાયજી શ્રીમહાપ્રભુજીની કેટલામી પેઢીએ પ્રગટ થયા?' આરતીએ પૂછ્યું.

'શ્રીહરિરાયજી શ્રીમહાપ્રભુજીથી પાંચમી પેઢીએ પ્રગટ્યા. શ્રીમહાપ્રભુજીના પુત્ર શ્રીગુસાંઈજી, શ્રીગુસાંઈજીના પુત્ર શ્રીગોવિંદરાયજી, શ્રીગોવિંદરાયજીના પુત્ર શ્રીકલ્યાણરાયજી અને શ્રીકલ્યાણરાયજીના પુત્ર શ્રીહરિરાયજી.'

શ્રીહરિરાયજીના પિતા શ્રીકલ્યાણરાયજી અને માતા શ્રીજમુનાવહુજી. શ્રીહરિરાયજીને બે નાના ભાઈ પણ હતા. શ્રીગોપેશ્વરજી અને શ્રીવિઠ્ઠલેશજી. શ્રીહરિરાયજીનું બાળપણ શ્રીગોકુલેશપ્રભુના સાન્નિધ્યમાં વીત્યું.

શ્રીગોકુલનાથજીને શ્રીહરિરાયજી ઉપર બહુ પ્રેમ હતો. બાલ્યાવસ્થાથી જ તેમને સંસ્કારસિંચન શ્રીગોકુલેશપ્રભુએ કર્યાં. દસ વર્ષની વયે તેમના યજ્ઞોપવિત સંસ્કાર થયા. શ્રીગોકુલેશ પ્રભુએ તેમને બ્રહ્મસંબંધનું દાન કર્યું. શ્રીહરિરાયજીને પોતાના આ દીક્ષાગુરુ અને પુષ્ટિમાર્ગીય જ્ઞાન આપનાર શ્રીગોકુલેશપ્રભુ પ્રત્યે જીવનભર ખૂબ આસ્થા રહી. સવારે નિયમિત રીતે પોતાના ગુરુનાં દર્શન, ચરણ સ્પર્શ કરીને પછી જ આપ ભોજન કરતા. શ્રીગોકુલનાથજી પ્રકાંડ પંડિત અને વિદ્વાન હતા. હૃદયમાં ભક્તિભાવનાથી ઓતપ્રોત હતા. તેમના સાન્નિધ્યમાં રહેવાથી શ્રીહરિરાયજીના હૃદયમાં પણ અપૂર્વ ભક્તિભાવના પ્રકટી. પુષ્ટિમાર્ગના સિધ્ધાંતોનો મર્મ તેઓ સમજ્યા.

શ્રીહરિરાયજીના બાળપણના પ્રસંગો આપણે આવતી કાલે જોઈશું. આજે આશ્રયનું પદ બોલીએ. આ પદ પણ શ્રીહરિરાયજી રચિત છે.

લગે જો શ્રી વલ્લભ પદ રંગ ।
તાકો દુઃસંગ નેક નહીં વ્યાપે, આઈ મિલે સતસંગ ॥
શ્રીગોવર્ધનધરન ધીર કો, ધ્યાન ધરત અંગ અંગ ।
રસિક પ્રિતમ કી બાનિક ઉપર, વારોં કોટિ અનંગ ॥

૩. બાળપણ અને લગ્ન

ગોકુળમાં શ્રીકલ્યાણરાયજીને ત્યાં શ્રીહરિરાયજીનું બાળપણ અન્ય સામાન્ય બાળકો કરતાં જુદી જ રીતે વીત્યું. એમને લૌકિક રમતોમાં જરાયે રસ નહિ. ભગવદ્ સેવા અને ભગવદ્ વાર્તામાં જ ખૂબ આસક્તિ. હંમેશા શ્રીગોકુલેશપ્રભુ પાસે બિરાજી ભગવદ્ વાર્તાનું શ્રવણ કરે. મોટા ભાગનો સમય શ્રીઠાકોરજીની સેવામાં જ વ્યતીત કરે.

દસેક વર્ષની વય થતાં તો પોતે વૈષ્ણવોની મંડળીની વચ્ચે બિરાજી ભગવદ્ વાર્તા કરતા. એમાં આપને એટલો આનંદ આવે કે પોતે ગાદીજી ઉપર બિરાજ્યા હોય ત્યાંથી વૈષ્ણવોની વચ્ચે આવી બિરાજી જાય. સમયનું પણ ભાન ન રહે. ભગવદ્ વાર્તાના રસમાં લીન બની જાય.

આપના પિતૃચરણ શ્રીકલ્યાણરાયજીએ એક દિવસ આજ્ઞા કરી : 'બાવા, વૈષ્ણવોની સાથે આટલું બધું હળવું મળવું ઠીક નથી. આપ શ્રીવલ્લભવંશમાં પ્રગટ થયા છો. વૈષ્ણવો સાથેનો આપનો સંબંધ ગુરુ-સેવકનો છે. આપ આ રીતે ભગવદ્ વાર્તા ન કરો.' પરંતુ શ્રીહરિરાયજીએ આ આજ્ઞા ન સ્વીકારી. બહુ સમજાવવા છતાંયે ભગવદ્ વાર્તાનો આગ્રહ ઓછો ન કર્યો. એમ કહેવાય છે કે આપશ્રીને એમના રૂમમાં એકાંતમાં રાખવામાં આવ્યા. વૈષ્ણવોને એમની પાસે જવાની મનાઈ કરવામાં આવી.

આ પરિસ્થિતિમાં શ્રીહરિરાયજીએ શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ શરૂ કર્યા. ત્રણ દિવસ સતત પાઠ કર્યા. વિરહાગ્નિ સ્વરૂપ શ્રીવલ્લભનું રટણ કરતાં શ્રીવલ્લભ ત્યાં પ્રગટ થયા. શ્રીહરિરાયજીને પોતાના અલૌકિક સ્વરૂપનાં દર્શન કરાવ્યાં.

શ્રીકલ્યાણરાયજીએ જોયું કે શ્રીહરિરાયજીના ખંડમાં અદ્ભુત અલૌકિક પ્રકાશ પથરાઈ રહ્યો છે. એમને ખ્યાલ આવી ગયો કે શ્રીવલ્લભની કૃપા આ બાળક ઉપર થઈ છે, ત્યારે આપે દ્વાર ખોલી અંદર જઈ આજ્ઞા કરી : 'બાવા, આપ જેમ ઈચ્છો અને જ્યારે ઈચ્છો ત્યારે ભગવદ્ વાર્તા જરૂર કરજો. મેં તમારું સ્વરૂપ ન જાણ્યું. આપના ઉપર શ્રીવલ્લભની પૂર્ણ કૃપા ઉતરી છે. હવે હું કોઈ બાબતનો આગ્રહ નહિ કરું. આપને જેમ રુચે તેમ કરજો.'

શ્રીહરિરાયજીનો ભગવદ્ વાર્તા સાંભળવાનો – કરવાનો ક્રમ નિયમિત ચાલ્યો. વૈષ્ણવો વિનંતી કરે : 'બાવા, આપનાથી અમારી સાથે ન બેસાય. આસન ઉપર બિરાજો, ગાદી ઉપર બિરાજો.' પણ તેઓ ન માને. આજ્ઞા કરે : 'વૈષ્ણવો, હું તો હરિદાસ છું. ભગવદ્ વાર્તાનું શ્રવણ ઉંચા આસને બેસી ન થાય.' કેવી અવર્ણનીય દીનતા! જાણે દીનતાના સાક્ષાત્ સાગર!

વલ્લભકુલની આ જ વિશેષતા છે. બધા ધર્મગુરુઓ પોતાનો ગુરુભાવ કે ગોવિંદભાવ પ્રગટ બતાવે છે. પણ દાસભાવ તો શ્રીમહાપ્રભુજી અને તેમના વંશજોએ જ બતાવ્યો છે. શ્રીમહાપ્રભુજી પોતાને 'કૃષ્ણદાસ' કહે છે. શ્રીગુસાંઈજી પણ પોતાને 'વિઠ્ઠલદાસ' કહે છે. શ્રીહરિરાયજી પોતાને 'હરિદાસ' કહે છે. આવા દીનતાસાગર શ્રીહરિરાયજી શ્રીગોકુલેશપ્રભુ પાસેથી અને પોતાના પિતાશ્રી

પાસેથી વેદ વગેરે શાસ્ત્રોનું જ્ઞાન મેળવતા ગયા અને સ્વમાર્ગીય ગ્રંથો શીખતા ગયા. પણ સેવાની રીત અને પ્રીત પણ શીખતા ગયા.

આઠ વર્ષની ઉંમરે આપશ્રીના યજ્ઞોપવિત સંસ્કાર શ્રીમદ્ ગોકુળમાં ધામધૂમથી થયા. મોટો ઉત્સવ ઉજવાયો. યજ્ઞોપવિતની વિધિ સમયે શ્રીગુસાંઈજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધરજી, ચતુર્થ પુત્ર શ્રીગોકુલેશજી, પંચમ પુત્ર શ્રીરઘુનાથજી, ષષ્ઠ પુત્ર શ્રી યદુનાથજી, સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજી તેમના પુત્ર-પૌત્રાદિક સાથે બિરાજ્યા હતા. કુલપુરોહિતજીએ બધી વિધિ કરાવી. ઉપસ્થિત સૌ વડીલો અને વૈષ્ણવોએ બટુકને ભિક્ષા આપી. યજ્ઞોપવિત વિધિ સંપન્ન થયા પછી શ્રીગોકુલેશપ્રભુ, શ્રીકલ્યાણરાયજી, શ્રીહરિરાયજી બધા જતિપુરા પધાર્યા. ત્યાં શ્રીનાથજી સન્મુખ શ્રીગોકુલેશપ્રભુએ શ્રીહરિરાયજીને બ્રહ્મસંબંધ દીક્ષા આપી.

શ્રીનાથજીને વિનંતી કરી : 'બાવા, આ હરિબાવા મારા પુત્ર સમાન છે. એમનો હાથ હું આપના શ્રીહસ્તમાં સોંપું છું. તેમના ઉપર કૃપા કરજો.'

શ્રીજીબાવાએ મંદ સ્મિત કરતાં શ્રીહરિરાયજીનો હસ્ત ગ્રહણ કરી આજ્ઞા કરી : 'વલ્લભ, હરિબાવા પર મારી પણ અનહદ પ્રીતિ રહેશે. એ શ્રીવલ્લભનું જ અવસર સ્વરૂપ છે. હું તેમની સાથે વાત કરીશ. મને પરિશ્રમ થશે ત્યારે હું તેમને જ આજ્ઞા કરીશ. વલ્લભવંશનું તેઓ પાણીદાર રત્ન છે. તમારો અલૌકિક સર્વ વારસો તેમને આપજો. તેઓ તમારા વારસાને ઉજાળશે.'

શ્રીજીબાવાનાં વચનો સાંભળી સૌ પ્રસન્નતાથી ભાવવિભોર બની ગયાં. ગોકુળ આવીને શ્રીકલ્યાણરાયજીએ શ્રીગોકુલેશ પ્રભુને વિનંતી કરી : 'કાકાજી, બાવાના વિદ્યાભ્યાસ, માટે શું કરીશું?'

શ્રીગોકુલેશપ્રભુએ આજ્ઞા કરી : હરિબાવા ઉપર શ્રીનાથજીએ કૃપા કરી છે તેથી એમને વિદ્યા ભણવા માટે કોઈ લૌકિક ગુરુ પાસે મોકલવાની જરૂર નથી. છતાં વિદ્યાભ્યાસ કરાવવો તો જોઈએ જ. તમારા ઉપર શ્રીવલ્લભની કૃપા છે. શ્રીગુસાંઈજીની કૃપા છે. તમે સર્વ શાસ્ત્રોના ઉત્તમ જ્ઞાતા છો. માટે તમે જ એમને

શાસ્ત્રોનું અધ્યયન કરાવો. સાથે સાથે તમે એમને તમારી સાથે પ્રભુની સેવામાં પણ જોડો. રાત્રે મારી પાસે મોકલજો. માર્ગના ભાવ-ભાવના વગેરે હું બતાવીશ.

આમ શ્રીહરિરાયજીનું શિક્ષણ શરૂ થયું. શ્રીકલ્યાણરાયજી દરરોજ પુત્રને વેદ વગેરે શાસ્ત્રો શીખવવા લાગ્યા. એકવાર જે શીખવે તે કંઠાગ્ર અને હૃદયારૂઢ થઈ જાય. ઝડપથી થઈ રહેલા વિદ્યાધ્યયનનથી શ્રીકલ્યાણરાયજી પણ આશ્ચર્ય ચકિત થઈ ગયા. શ્રીગોકુલેશપ્રભુ પાસેથી આપશ્રી સ્વમાર્ગના આચારવિચાર, ભાવભાવના, લીલાભાવના વગેરે ઝડપથી શીખી ગયા. સુબોધિનીજીનો અભ્યાસ પણ કર્યો. સેવામાં પણ સૌથી પહેલાં પહોંચી જવા લાગ્યા. પ્રભુને શૃંગાર કરતાં વિભોર વિભોર થઈ જતા.

શ્રીગોકુલેશપ્રભુ આજ્ઞા કરતા કે આ તો આપણા ઘરનો પારસમણિ છે. આટલી વિદ્વતા, સેવારૂચિ, માર્ગની સમજ અને છતાંય ક્યાંય મદ નથી. વૈષ્ણવો ઉપર અનહદ પ્રેમ રાખે છે. બહારગામથી આવેલા વૈષ્ણવોને જાતે પાતળ ધરી પ્રસાદ લેવડાવે છે. વૈષ્ણવોને જોઈને ખૂબ હરખાય છે. સેવકોની ખૂબ પ્રેમથી સંભાળ લે છે.

૨૪ વર્ષના થતાં શ્રીહરિરાયજીના લગ્ન લેવાયાં. ગોકુળ ગામમાં બડી ધામધૂમથી લગ્ન થયાં. વહુજીનું નામ હતું શ્રી સુંદરવંતાં વહુજી. શ્રીહરિરાયચરણે વહુજીને સમજાવ્યું : 'આપણો ગૃહસ્થાશ્રમ ભગવદ્ સેવા માટે છે.' વહુજીએ પણ કહ્યું : 'મારું સૌભાગ્ય છે કે મને આ પરિવારમાં સ્વપ્રભુની અને આપની સેવા મળી છે.'

શ્રીહરિરાયજી વહુજીની આ ભાવનાથી ખૂબ પ્રસન્ન થયા. તેમને વલ્લભકુળની રીત અને પરંપરા બતાવી. બંનેનો ગૃહસ્થાશ્રમ જરા પણ કલહ વિનાનો, કેવળ ભગવદ્ સેવા પરાયણ બની રહ્યો.

'દાદાજી, આજે તમે શ્રીહરિરાયજીના બાળપણ, વિદ્યાભ્યાસ, લગ્ન વગેરે ઘણી બાબતો અંગે અમને સમજાવ્યું. ખૂબ આનંદ આવ્યો. આવા વિદ્વાન છતાં દીનતાવાળા મહાનુભાવ શ્રીહરિરાયજી વિશે જાણીને થયું કે આપણને પણ આવું જ્ઞાન મળે અને છતાં તેનો મદ ન આવે એવી કૃપા શ્રીહરિરાયજી કરે તો કેવું સારું!' તુલસીએ પોતાના મનની વાત જણાવી.



પરમાનંદ સોની સુવર્ણની જડાઉ કુલ્હે સિદ્ધ કરીને શ્રીહરિરાયજીને તેનાં દર્શન કરાવે છે.

'તારી ભાવના ખૂબ સારી છે. આજે આપણો સમય થઈ ગયો છે. હવે આશ્રયનું પદ બોલીએ.' દાદાજીએ કહ્યું.

'દાદાજી, આજે પણ શ્રીહરિરાયજીએ રચેલું આશ્રયનું પદ જ ગવડાવો.' જયતીએ કહ્યું.

'ભલે.' દાદાજીએ શ્રીહરિરાયજી રચિત એક પદ ગવડાવ્યું. સૌએ તે ઝીલ્યું.

શ્રીવલ્લભ તુમ સરનાગત આયો ।
સબ દુઃખ દૂર ગયે તુમ દેખત, સુખકો પાર ન પાયો ।।
આજ્ઞા તે ગોવર્ધનધર કી, બ્રહ્મસંબંધ કરાયો ।।
લીલા અખિલ પ્રગટ દિખલાઈ, સેવા સુખહી બતાયો ।।
શ્રી ભાગવત સુધારસ મથિકે, અપનો પંથ જતાયો ।।
ઐસે ઉગ્ર શ્રીલછમન-નંદન, 'રસિકન' કે મન ભાયો ।।
તુમ શરણાગત આયો ।।

૪. ગૃહસ્થાશ્રમ અને ભગવદ્ સેવા

રાત્રે સત્સંગના સમયે બાળકો દાદાજીની સામે ગોઠવાઈ ગયા.

'દાદાજી, આજે પણ શ્રીહરિરાયજીના જીવન પ્રસંગો જ કહો. તેમના પરિવાર વિશે કહો.' તુલસીએ કહ્યું.

'ભલે, સાંભળો.'

ગઈકાલે આપણે જોયું કે શ્રીહરિરાયજીનાં લગ્ન શ્રી સુંદરવંતાં વહુજી સાથે થયાં. બંનેનો ગૃહસ્થાશ્રમ ભગવદ્ સેવા પરાયણ હતો. તેમને ત્યાં ચાર પુત્રોનું પ્રાગટ્ય થયું. શ્રીગોવિંદજી, શ્રીવિઠ્ઠલરાયજી, શ્રી છોટાજી અને શ્રીગોરાજી.

આપશ્રીનાં વહુજી અલૌકિક પ્રતિભાવંત હતાં. તેમણે વ્રજભાષા અને ગુજરાતીમાં ઘણાં ભાવભર્યાં પદો રચ્યાં છે. ગુજરાતી ભાષામાં રચાયેલું 'ચિંતનનું ઘોળ' ખૂબ પ્રસિધ્ધ છે. એ ઘોળમાં નિકુંજલીલાની માનસી પ્રગટ થયેલી છે.

તેઓ પણ શ્રીહરિરાયજીની જેમ દીર્ઘાયું હતાં. શ્રીવિઠ્ઠલનાથજીનું નાથદ્વારાનું મંદિર તેમની દેખરેખ નીચે સિધ્ધ થયેલું છે.

ગોકુળમાં શ્રીહરિરાયજી, તેમનાં વહુજી, નાના ભાઈ શ્રીગોપેશ્વરજી અને તેમનાં વહુજી બધાં સાથે બિરાજી પોતાના સેવ્ય શ્રીવિઠ્ઠલનાથજીની સેવા ખૂબ પ્રેમથી કરતાં. પ્રભુને ખૂબ લાડ લડાવતાં.

એક વખત નંદમહોત્સવના દિવસે શ્રીવિઠ્ઠલનાથજી કાષ્ઠના પલનામાં ઝૂલી રહ્યા હતા. પલનાના પદ ગવાતાં હતાં. પ્રભુ રત્નજડિત મણિયમ પલનામાં ઝૂલે છે, એવું પદ ગવાયું, ત્યારે શ્રીગોપેશ્વરજીએ શ્રી હરિરાયજીને વિનંતી કરી : 'ભાઈ, શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુ માટે આવું રત્નજડિત પલનું સિધ્ધ થાય એવો મારા મનનો મનોરથ છે. મારે એવા પલનામાં પ્રભુને ઝુલાવવા છે.'

શ્રીહરિરાયજી મૌન રહ્યા. શ્રીગોપેશ્વરજીને બહુ આગ્રહ કર્યો કે મારો મનોરથ સિધ્ધ થાય એવું કરો. ત્યારે શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી કે 'આવતી જન્માષ્ટમીએ તમારો મનોરથ પૂર્ણ થશે.'

દિવસો જતાં વાર લાગતી નથી. બીજી જન્માષ્ટમી આવી. રત્નજડિત પલનું સિધ્ધ થયું નથી. પ્રભુ કાષ્ઠના પલનામાં ઝૂલી રહ્યા છે. પોતાનો મનોરથ સિધ્ધ થયો નથી તેથી ગોપેશ્વરજીને બહુ દુઃખ થયું. દુઃખમાં તેઓ બેહોશ જેવા થઈ ગયા. શ્રીહરિરાયજીએ તેમને કહ્યું : બાવા, તમે દર્શન તો કરો. શ્રીવિઠ્ઠલનાથજી કેવા પલનામાં ઝૂલે છે?

તે સમયે શ્રીહરિરાયજીની કૃપાથી શ્રીગોપેશ્વરજીને દર્શન થયાં કે શ્રીવિઠ્ઠલનાથજી રત્નજડિત-મણિમય પલનામાં ઝૂલી રહ્યા છે અને પોતે ઝૂલાવી રહ્યા છે. અતિ આનંદ આવ્યો.

પ્રભુ ઝૂલી રહ્યા પછી આપશ્રીએ પૂછ્યું : 'બાવા, ખરેખર જો રત્નજડિત પલનું હોત તો આવો અલૌકિક આનંદ આવ્યો હોત?' આ પ્રસંગ દ્વારા શ્રીહરિરાયજીએ સમજાવ્યું કે સેવામાં પ્રભુની પ્રસન્નતા માટે સાધનનું મહત્વ ગૌણ છે. એ માટે તો પ્રેમ, દીનતા, હૃદયનો તાપભાવ જ મહત્વનાં છે. પ્રભુએ આપેલી સાધનસંપત્તિનો ઉપયોગ સેવામાં જરૂર કરવો પણ સેવા કેવળ શરીર કે ધનથી ન કરતાં ચિત્ત પણ પ્રભુની સેવામાં પરોવાય તે રીતે સેવા કરવી. સેવામાં

ઉપયોગી સર્વ પદાર્થો અલૌકિક ભાવાત્મક સ્વરૂપનાં હોય છે. તેને લૌકિક દૃષ્ટિથી ન જોવા. જે પલને આપણે પ્રભુને ઝુલાવીએ છીએ એ પલનું સાક્ષાત રત્નજડિત મણિમય જ છે, એવી ભાવના રાખવી. જોકે પ્રભુએ સંપત્તિ આપી હોય તો પણ તેનો ઉપયોગ ન કરવો એવા આનો અર્થ ન સમજવો. આપણી પાસે જે કાંઈ હોય એ હૃદયના અલૌકિક ભાવથી, પૂર્ણ પ્રેમથી અને દીનતાથી અંગીકાર કરાવવું.

શ્રીહરિરાયચરણ હંમેશા પુષ્ટિમાર્ગના વિકાસમાં તત્પર રહેતા. એનો એક પ્રસંગ પણ જાણવા જેવો છે.

એકવાર શ્રીહરિરાયજીએ શ્રીગોકુલેશપ્રભુના મુખારવિંદથી સાંભળ્યું કે પુષ્ટિમાર્ગ ભૂતળ ઉપર ૪૫૦ વર્ષ રહેશે. શ્રીહરિરાયજીએ વિચાર કર્યો કે ૪૫૦ વર્ષ પછી શું? પછી પુષ્ટિમાર્ગ નહિ રહે? જો ગોકુલેશપ્રભુ કૃપા કરે તો જ આ માર્ગ થોડા વધુ વર્ષો માટે ભૂતળ ઉપર રહે. આ માટે ગોકુલેશ પ્રભુને વિનંતી કરવાનો મોકો તેમને એક દિવસ મળી ગયો.

પરમાનંદ સોની નામના એક વૈષ્ણવને શ્રીગોકુલેશપ્રભુએ આજ્ઞા કરી કે મારા જન્મદિવસે મારે શ્રીનાથજીબાવાને સોનાની જડાઉ કુલ્હે અંગીકાર કરાવવી છે. તમે સુંદર કુલ્હે સિધ્ધ કરી આપો.

પરમાનંદ સોનીએ સુંદર જડાઉ કુલ્હે સિધ્ધ કરી. કુલ્હે બરોબર સિધ્ધ થઈ છે કે નહિ તે પૂછવા માટે શ્રીહરિરાયજી પાસે આવ્યા. શ્રીહરિરાયજી કુલ્હેનાં દર્શન કરીને બહુ પ્રસન્ન થયા. પરમાનંદ સોનીને આજ્ઞા કરી : 'તમે માગશો એટલું દ્રવ્ય હું તમને આપીશ, પણ આ સુંદર કુલ્હે જોઈને તમને શ્રીગોકુલેશપ્રભુ કાંઈ માગવાનું કહે તો દ્રવ્ય ન માગશો. હું જે કહું છું તે યાદ રાખો અને તે પ્રમાણે માગજો.'

'ભલે કૃપાનાથ, જેવી આજ્ઞા.'

'વૈષ્ણવ, એટલું માગજો કે પુષ્ટિમાર્ગ ભૂતલ ઉપર બીજા ૫૦ વર્ષ રહે.'
'ભલે મહારાજ.' કહીને પરમાનંદ સોની ગયા.

શ્રીગોકુલેશપ્રભુએ જડાઉ કુલ્હે શ્રીજીબાવાને પોતાના જન્મદિવસે અંગીકાર કરાવી. શ્રીનાથજી બહુ પ્રસન્ન થયા. શ્રીનાથજીની પ્રસન્નતાથી રાજી થઈ શ્રી ગોકુલેશપ્રભુએ એ સોની વૈષ્ણવને બોલાવ્યા. કહ્યું : 'માગ, માગે તે આપું.'

'મહારાજ, મારે બીજું કશું જોઈતું નથી. પુષ્ટિમાર્ગ બીજાં ૫૦ વર્ષ ભૂતળ ઉપર રહે, એટલું માગું છું.'

શ્રીગોકુલેશપ્રભુને નવાઈ લાગી. આ સોની આવું કેમ માગે છે? કોણે એને આવું માગવાનું શીખવ્યું છે ? પૂછે છે : 'પરમાનંદ, આ વિચાર તારો નથી. સાચે સાચું બતાવ, તને આવું માગવાનું કોણે કહ્યું છે?'

'કૃપાનાથ, મારા ગુરુદેવ શ્રીહરિરાયજીની આજ્ઞા હતી.' પરમાનંદ સોનીએ સાચું કહી દીધું.

શ્રીગોકુલેશજીએ શ્રીજીબાવાને આ વરદાન આપવા વિનંતી કરી, શ્રીજીબાવાએ પ્રસન્નતાથી આ વરદાન સિધ્ધ થશે એવી આજ્ઞા કરી, શ્રીજીબાવા શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીને પોતાના ગણી એમની વાત કદી ટાળતા નહિ.

પરમાનંદ સોનીને આપશ્રીએ પુષ્કળ દ્રવ્ય અપાવી, સંતુષ્ટ કર્યો. શ્રીહરિરાયચરણે શ્રીગોકુલેશપ્રભુના મુખેથી સાંભળ્યું કે પુષ્ટિમાર્ગની સ્થિતિ ભૂતળ ઉપર બીજાં ૫૦ વર્ષ વધી છે. આ વધાઈ સાંભળી શ્રીહરિરાયજી ખૂબ પ્રસન્ન થયા. આમ શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગના વિકાસ માટે સદા તત્પર રહ્યા છે.

'દાદાજી, આ હિસાબે તો પુષ્ટિમાર્ગ ૫૦૦ વર્ષ રહેશે એવું નક્કી થયું.'

'હા, અને એ ૫૦૦ વર્ષ તો પૂરાં થઈ ગયાં. છતાં આજે પણ આપણે પુષ્ટિમાર્ગ તો ભૂતલ ઉપર છે, એવું અનુભવીએ છીએ.'

દાદાજીએ બાળકોની શંકાને સમજાવતાં ખુલાસો કર્યો કે પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષ પૂર્ણ થયા પછી સ્થિતિ તો રહી છે પણ એનું સ્વરૂપ બદલાયું છે. આચાર પ્રણાલિકા બદલાઈ છે. સેવાનું સ્વરૂપ બદલાયું છે. આગળ પ્રભુની ઈચ્છા હશે તેમ થશે.

'આજે આપણો સમય થઈ ગયો છે. ચાલો આશ્રયનું પદ બોલીએ.'

'દાદાજી, આજે પણ શ્રીહરિરાયજી રચિત આશ્રયનું પદ ગાઈએ.'

'ભલે.' દાદાજીએ એક સુંદર પદ ગવડાવ્યું. સૌએ સાથે ઝીલ્યું.



શ્રીહરિરાયજી સેવકને સૂકાયેલા કૂવામાં જમુનાજળ પધરાવવાની આજ્ઞા કરે છે.

મન રે તૂ શ્રીવલ્લભ કહિ રે ।
જો કછુ કરત કામના જિય મેં, સો તતછિન લહિ રે ।।
સકલ સુકૃત કો યહી પરમ ફલ, ઔર કછુ નાહીં ચહિ રે ।
'રસિક પ્રીતમ' જૂ ઐસે પ્રભુ કો, ચરન સરન નિત ગહિ રે ।।

૫. ચમત્કારને નમસ્કાર

રાત્રે સત્સંગના સમયે દાદાજીએ બાળકોને મંગળાચરણ બાદ એક સુંદર ચિત્ર બતાવ્યું. 'બાળકો જુઓ, આ ચિત્રમાં શું દેખાય છે?'

'અમને કાંઈ સમજાતું નથી.' બધાંએ માથું હલાવ્યું.

'આ ચિત્ર શ્રીહરિરાયજીના જીવનના એક મહત્વના અને અદ્ભુત પ્રસંગને બતાવે છે.'

'દાદાજી, આજે તો એ જ પ્રસંગ કહો. વળી એ પણ કહો કે શ્રીહરિરાયજી જીવનપર્યંત ગોકુળમાં જ બિરાજ્યા કે અન્યત્ર ક્યાંય પધાર્યા હતા?'

શ્રીહરિરાય મહાપ્રભુ પોતાના જીવનના લગભગ ૮૦ વર્ષ તો ગોકુળમાં જ બિરાજ્યા હતા. નિત્ય સ્વસેવ્ય શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુની સેવા, સ્મરણ, ગ્રંથોનું લેખન, સુંદર પદ-કીર્તનોની રચના, વૈષ્ણવો સાથે ભગવદ્ વાર્તા, શ્રીગોકુલેશપ્રભુ પાસેથી માર્ગના સિધ્ધાંતો, ભાવભાવના, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ, સુબોધિનીજી વગેરેનું શ્રવણ જેવી અનેક સ્વમાર્ગીય પ્રવૃત્તિઓમાં ગોકુળમાં આપનો સમય વ્યતીત થતો.

આપ ત્રિકાળજ્ઞાની હતા. આપે જોયું કે નજીકના ભવિષ્યમાં મુસલમાનોના આક્રમણોને કારણે શ્રીનાથજીબાવા જતિપુરા છોડી મેવાડ પધારશે. ત્યારે આપે વિચાર કર્યો કે આવી પરિસ્થિતિમાં મારે પણ સ્વસેવ્યપ્રભુ સાથે ગોકુળ છોડી શ્રીજીબાવા જ્યાં બિરાજવાના છે, ત્યાં જઈને રહેવું જોઈએ.

ઉદયપુરના મહારાણાએ મેવાડમાં શ્રીહરિરાયજીને ખેડા અને ખીમનોર નામના બે ગામ ભેટ આપ્યા હતા. શ્રીહરિરાયજીએ તેમાંથી ખીમનોરમાં નિવાસ કરવાનું

નક્કી કર્યું. ત્યાં જરૂરી મકાનો વગેરેની વ્યવસ્થા કરાવી. પોતાના સેવ્યપ્રભુ શ્રીવિઠ્ઠલનાથજી અને પોતાના પરિવાર સાથે સંવત ૧૭૨૫માં ગોકુળ છોડી ખીમનોરમાં આવીને વસ્યા. ખીમનોરમાં બિરાજીને આપે દૈવી જીવોના ઉધ્ધાર માટે ગુજરાત, સિંધ, રાજસ્થાન વગેરે પ્રદેશોનો પ્રવાસ પણ કર્યો.

એકવાર આપ સિંધ પધારતા હતા ત્યારે રસ્તામાં રાજસ્થાનના રણપ્રદેશમાં જેસલમેર નામનું ગામ આવ્યું. અહીં આપે મુકામ કરવાનો વિચાર કર્યો. શહેરમાં પ્રવેશતા પહેલાં કિલ્લાના દરવાજે કર ઉઘરાવવા માટે બેઠેલા સરકારી માણસે તેમને રોક્યા. કહે છે : 'તમે આ ગામમાં પ્રવેશ કરો તે પહેલાં તમારે અહીંના નિયમ પ્રમાણે રૂા.૩૨/- કર ભરવો પડશે.' આપશ્રીના સેવકે કર ભર્યો.

શ્રીહરિરાયચરણે જ્યારે જાણ્યું કે પોતાને આ રાજ્યનો કર ભરવો પડ્યો છે, ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે જે રાજ્ય ધર્મગુરુ તરીકેનું આપણું માન ન જાળવે, આપણી પાસેથી કર લે, એના ગામમાં ન જવાય. એના ગામનું પાણી પણ ન પીવાય. આપણે ગામ બહાર મુકામ કરીશું.

જળાશયના કિનારે મુકામ કરીશું એવો વિચાર કરી જળાશયની શોધ કરવા માંડી. ચારે બાજુ રણપ્રદેશ છે. જળનું નામ નિશાન નથી. કોઈએ બતાવ્યું કે દૂર એક સૂકાઈ ગયેલું તળાવ છે. એમાં એક કૂવો છે, તે પણ સૂકાઈ ગયેલો છે. સેવકોએ શ્રીહરિરાયજીને આ બાબત જણાવી.

આપશ્રીએ એક સેવકને આજ્ઞા કરી કે શ્રીયમુનાજીનું સ્મરણ કરી તળાવમાં શ્રીયમુનાજળ પધરાવો. સેવકોએ તે પ્રમાણે કરતાં જ કૂવો મીઠા પાણીથી છલોછલ ભરાઈ ગયો. આપશ્રીએ એ તળાવના કિનારે મુકામ કર્યો. આ દૃષ્ય જોનારા જેસલમેરના મનુષ્યોએ ગામમાં જઈ વાત કરી. આશ્ચર્યચકિત થઈ લોકો જળ ભરેલો કૂવો જોવા ઉમટ્યા. રાજાને ખબર પડતા તેઓ પણ દોડતા આવ્યા.

આ ચમત્કાર જોઈ રાજાએ દંડવત્ પ્રણામ કરી ક્ષમા માગી. રૂા.૩૨ નો કર લીધો હતો તે પરત કરાવ્યો. ખૂબ વિનંતી કરી જેસલમેર શહેરમાં પોતાના મહેલમાં શ્રીહરિરાયજીને પધરાવ્યા. રાજા પરિવાર સહિત આપને શરણે આવ્યા. તેમની વિનંતીથી શ્રીહરિરાયજીએ પોતાના પિતૃચરણનું સેવ્ય શ્રીગિરિધારીજીનું



જેસલમેરમાં બિરાજી શ્રીહરિરાયજી શિક્ષાપત્રનું લેખન કરે છે.

સ્વરૂપ પધરાવી આપ્યું. આપશ્રી જેસલમેરમાં છ મહિના બિરાજ્યા. એકથી વધુ વખત શ્રીભાગવતનું પારાયણ પણ કર્યું. અનેક દૈવી જીવોને શરણે લીધા. રાજાએ પોતાના મહેલમાં જ શ્રીગિરિધારીજીનું મંદિર બનાવ્યું. જ્યાં આજે પણ સેવાપ્રકાર ચાલે છે.

જેસલમેરમાં આપશ્રીનો મુકામ હતો ત્યારે આપને ભવિષ્યમાં બનનારી એક ઘટનાનું - ભવિષ્યનું દર્શન થયું કે થોડા સમય પછી આપના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીનાં વહુજી શ્રીશ્રુતિરૂપાજી લીલામાં પધારશે. શ્રીગોપેશ્વરજીનાં વહુજી સેવામાં ખૂબ સહાયક હતાં. બહુ પ્રેમથી પ્રભુને લાડ લડાવતાં. સેવામાંથી સહાયક જતાં શ્રીગોપેશ્વરજીને દુઃખ થશે, એ વિચારથી દુઃખના નિવારણ માટે શ્રીહરિરાયજીએ થોડા દિવસ પહેલાંથી જ શ્રીગોપેશ્વરજીને પત્રો લખવા માંડ્યા.

એ જમાનામાં આજના જેવી ટપાલ-ટેલિફોન જેવી વ્યવસ્થા ન હતી. જેસલમેરના રાજાએ પત્રો ખીમનોર શ્રીગોપેશ્વરજીને મોકલવા માટે વ્યવસ્થા કરી આપી. એક સાંઢણી-સવાર જેસલમેરથી પત્ર લઈને નીકળે, આઠ ગાઉ જાય એટલે બીજો સાંઢણી-સવાર ત્યાં તૈયાર હોય. એ પત્ર લઈને આઠ ગાઉ જાય એટલે ત્રીજો સાંઢણી સવાર તૈયાર હોય. એમ દરરોજ સાંઢણી સવાર દ્વારા પત્રો ખીમનોર પહોંચે. આ પત્રો શ્રીગોપેશ્વરજી પોતાની બેઠકના એક ગોખલામાં પધરાવે છે. આપ વિચારે છે કે મોટાભાઈ વાત્સલ્યભાવથી પત્રો લખે છે. ભગવત્સેવામાંથી સમય મળશે ત્યારે વાંચીશ. રોજ એક પત્ર આવે છે. છઠ્ઠા દિવસે આપનાં વહુજી અચાનક લીલામાં પધારે છે.

શ્રીગોપેશ્વરજીને ખૂબ ક્લેશ થાય છે. ભગવત્સેવામાંથી સહાયક ગયાનું દુઃખ છે. તે સમયે હરજીવનદાસ નામના શ્રીહરિરાયજીના કૃપાપાત્ર સેવક ત્યાં આવે છે. શ્રીહરિરાયજીના પત્રો આપને વાંચી સંભળાવે છે. આપનો ક્લેશ દૂર થાય છે. હરજીવનદાસજીએ સર્વ સમાચાર શ્રીહરિરાયજીને મોકલ્યા. શ્રીહરિરાયજી પત્રો મોકલવાનું ચાલુ જ રાખે છે. કુલ ૪૧ દિવસ સુધી પત્રો મોકલ્યા.

આ પત્રો આપણે ત્યાં 'શિક્ષાપત્રો' તરીકે પ્રસિદ્ધ છે. સંસ્કૃતમાં લખાયેલા એ પત્રો બધા વૈષ્ણવો સમજી શકે તે માટે શ્રીગોપેશ્વરજીએ વ્રજભાષામાં તેની ટીકા લખી. ટીકા સહિતનો ગ્રંથ 'બડે શિક્ષાપત્ર' તરીકે પ્રચલિત છે. આજે દરેક વૈષ્ણવને ઘેર ભગવદ્ વાર્તામાં આ શિક્ષાપત્રો વંચાય છે. વૈષ્ણવો માટે એ કલ્પવૃક્ષ સમાન છે. દરેક મૂઝવણનો ઉકેલ શિક્ષાપત્ર આપે છે. અહીં 'શિક્ષા' શબ્દનો ગુજરાતી અર્થ દંડ નથી લેવાનો પણ સંસ્કૃતમાં 'શિક્ષા' શબ્દનો અર્થ છે શિખામણ - જ્ઞાન આપવું. શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રો દ્વારા પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું આપણને જ્ઞાન આપે છે. વૈષ્ણવી જીવનનું રહસ્ય સમજાવે છે. તમે મોટા થાઓ ત્યારે આ શિક્ષાપત્રોનું વાચન-મનન જરૂર કરજો.

'દાદાજી, આજે આ બંને પ્રસંગો સાંભળવાનો ખૂબ આનંદ આવ્યો.'

'બાળકો, આજે આપણા સત્સંગનો સમય થઈ ગયો છે. ચાલો, શ્રીહરિરાયજી વિરચિત આશ્રયનું પદ બોલીએ.'દાદાજીએ પદ ગવડાવ્યું. સૌએ ઝીલ્યું.

જો શ્રીવલ્લભ ચરન ગહૈં ।
તો મન વૃથા કરત ક્યોં ચિંતા, હરિ હિય આય રહૈં ॥
જનમ-જનમ કે કોટિક પાતક, છિનહી માંઝ દહૈં ।
સાધન જિન સાધો કોઉ કછુ, સબ સુખ સુગમ લહૈં ॥
કોટિ કરત અપરાધ ક્ષમા હરિ, સદા નેહ નિવહૈં ।
જિન સંદેહ કરો કોઉ જન, કરૂના સિંધુ કહૈં ॥
અબલોં બિનુ સેવે શ્રીવલ્લભ, ભવ દુઃખ બહુત સહૈં ।
'રસિક'મહાનિધિ પાયિ ઔર ફલ મન વચ ક્રમ ન ચહૈં ॥

૬. શ્રીહરિરાયજીના પ્રવાસ અને બેઠકજી

સત્સંગના સમયે બધાં બાળકો દાદાજી સામે ગોઠવાઈ ગયાં છે. મંગળાચરણના શ્લોકોનું ગાન કરી રહ્યાં છે.

'દાદાજી, ગઈકાલે તમે કહેલું કે શ્રીહરિરાયજી સિંધ પધારતા હતા, ત્યારે જેસલપુર મુકામ કર્યો, તો પછી સિંધ પધાર્યા કે નહિ?' દીપમે પૂછ્યું.

‘વાહ, તું તો સરસ રીતે બધું યાદ રાખે છે ને ભાઈ!’

શ્રીહરિરાયજી સિંધ પધાર્યા છે. સિંધમાં એક નિષ્કિંચન વૈષ્ણવ ઉપર આપશ્રીએ કૃપા કરી છે. એને ઘેર પધાર્યા છે. એની પાસે ફક્ત બે રૂપિયા હતા. એ જ સર્વ મૂડી હતી. એણે ભવિષ્યનો વિચાર કર્યા વિના એનું સર્વસ્વ – બે રૂપિયા – દીનતાપૂર્વક સંકોચ સહ આપશ્રીના ચરણોમાં ભેટ ધરી દીધા. શ્રીહરિરાયજી તો સર્વજ્ઞ હતા. વૈષ્ણવના સર્વસમર્પણથી બહુ પ્રસન્ન થયા. એ બે રૂપિયા એમણે જુદા રખાવ્યા. ખીમનોર પધાર્યા પછી એની સામગ્રી તૈયાર કરાવી શ્રીવિઠ્ઠલનાથજીને આરોગાવી. જ્યારે એનો પ્રસાદ વૈષ્ણવોએ લીધો ત્યારે એમાં સૌને અદ્‌ભુત અલૌકિક સ્વાદ આવ્યો.

તેથી જ શ્રીહરિરાયજીએ શિક્ષાપત્રમાં આજ્ઞા કરી કે પ્રભુ કદી સાધનસંપત્તિથી રીઝતા નથી. દીનતા એ જ પ્રભુને રીઝવવાનું એકમાત્ર સાધન છે.

‘દાદાજી, શ્રીહરિરાયજી આપણા ગુજરાતમાં પધારેલા ખરા?’જયતીએ પૂછ્યું.

‘હા, આપશ્રી ગુજરાતમાં પધાર્યા છે. તેથી જ આપશ્રીની સાત બેઠકોમાંથી ત્રણ બેઠકો ગુજરાતના સાવલી, જંબુસર અને ડાકોરમાં બિરાજે છે.’

‘દાદાજી, એ ત્રણે બેઠકોનાં ચરિત્રો અમને કહો.’ આરતીએ પોતાની ઈચ્છા વ્યક્ત કરી.

‘ભલે. પહેલાં આપણે સાવલીની બેઠકનું ચરિત્ર જોઈએ. વડોદરા જિલ્લામાં આવેલા સાવલી ગામમાં ઘણા વૈષ્ણવો આપના સેવક હતા. તેમની વિનંતીથી આપ સાવલી પધાર્યા. ત્યાં તળાવના રમણીય કિનારે મુકામ કરીને બિરાજ્યા. અહીં આપે શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. સેવાની ભાવ-ભાવના બતાવતા ‘શ્રી સહસ્ત્રી ભાવના’ નામના ગ્રંથની રચના કરી. આ ગ્રંથ સંસ્કૃતમાં છે. એમાં એક હજાર શ્લોક છે. બેઠક ચરિત્રમાં અહીંનો કોઈ ખાસ પ્રસંગ જોવામાં આવતો નથી પણ એમ કહેવાય છે કે એક દિવસ આપશ્રી તળાવમાં સ્નાન કરીને, કિનારે બિરાજી સંધ્યાવંદન કરતા હતા. સેવકે ભીની ધોતી સૂકવી હતી. એટલામાં સંજોગવશાત્ ગામનો સુબેદાર, જે ત્યાં થઈને પસાર થતો હતો, તેણે શ્રીહરિરાયજીને

સંધ્યાવંદન કરતા જોયા. તેણે પૂછ્યું : ‘આપ ધર્મનો કેવળ ઢોંગ જ કરો છો કે કોઈ ચમત્કાર બચાવી શકો છો?’

શ્રીહરિરાયજીએ સંધ્યાવંદન પૂર્ણ કરીને, જે ધોતી સૂકાઈ રહી હતી, એને તળાવના પાણી ઉપર પાથરી દીધી. આપ તેના ઉપર ઊભા રહી ગયા. ધોતી સ્વયં પાણી ઉપર તરતી તરતી તળાવનું ચક્કર લગાવીને શ્રીહરિરાયજી સહિત પોતાના સ્થાન ઉપર આવી ગઈ!

આ જોઈને સૂબો આશ્ચર્યચકિત થઈ ગયો. એણે મોગલ સલ્તનતની ઘણી જમીન આપશ્રીને ભેટ કરી. ખૂબ સત્કાર કર્યો. આજે પણ એ જમીન દ્વિતીય પીઠ-શ્રીવિઠ્ઠલનાથજીના-તાબામાં છે. સાવલીમાં શ્રીહરિરાયજીનાં બેઠક છે. વૈષ્ણવો ઝારીચરણસ્પર્શ કરી લીલા-સૂકા મેવા-મીશ્રીનો ભોગ ધરે છે.

ગુજરાતમાં બીજી બેઠક ભરૂચ જિલ્લાના જંબુસરમાં છે. આ સ્થાન પ્રાચીન સમયમાં ભાનુક્ષેત્ર તરીકે ઓળખાતું. અહીં આપના પરમપ્રિય સેવક શ્રી પ્રેમજીભાઈના આગ્રહથી આપ પધાર્યા હતા. તળાવના કિનારે બિરાજ્યા હતા. અહીં આપે ‘યુગલગીત’ ની કથા કરીને અદ્‌ભુત રસવર્ષા કરી હતી. તેથી જ વૈષ્ણવોએ અહીં આવે ત્યારે ‘યુગલગીત’ નો પાઠ કરવો જોઈએ. આપશ્રીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ પણ કરેલું. તેથી અહીં બેઠકજી પ્રસિદ્ધ છે. વૈષ્ણવો દર્શન, ઝારી ચરણ સ્પર્શનો લાભ લે છે.

ત્રીજી બેઠક ડાકોરમાં છે. શ્રીહરિરાયજી ગુજરાતમાં પધાર્યા ત્યારે અલીણામાં શ્રીરણછોડરાયજીએ આપને જણાવ્યું કે હું ભક્ત બોડાણાની વિનંતીથી ડાકોર પધાર્યો હતો. અત્યારે હું ગોમતી તળાવની અંદર બિરાજું છું. મને બહાર પધરાવી, પુષ્ટિ રીતથી મારો સેવા પ્રકાર શરૂ કરો. ભગવદ્ આજ્ઞા થતાં શ્રીહરિરાયજી ડાકોર પધાર્યા. જળમાંથી શ્રી રણછોડરાયજીનું વિશાળ સ્વરૂપ બહાર પધરાવ્યું. મંદિરનું નિર્માણ કરાવી, શ્રીરણછોડરાયજીને સેવ્ય કરી, મંદિરમાં પધરાવી, પાટોત્સવ કર્યો. ડાકોરના બ્રાહ્મણોને શરણે લઈ, સેવા પ્રકાર શીખવ્યો. તેમને રણછોડરાયજીની સેવા સોંપી.

પોતે ગોમતી તળાવને કિનારે બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. અહીં ઘણાં જીવો આપને શરણે આવ્યા. આજે પણ ડાકોરમાં આપનાં બેઠકજી બિરાજે છે. સેવા પ્રકાર ચાલુ છે. વૈષ્ણવો ઝારીચરણસ્પર્શ કરી ભોગ ધરે છે.

'દાદાજી, શ્રી હરિરાયજીની સાત બેઠકોમાંથી આ ત્રણ બેઠકો ગુજરાતમાં છે. તો બીજી ૪ બેઠકો ક્યાં આવેલી છે? ' તુલસીએ પૂછ્યું. 'તેનાં ચરિત્રો પણ અમને કહો.'

એક બેઠક જેસલમેરમાં છે. તેનું ચરિત્ર તો આપણે આગળ જોઈ ગયા. એક બેઠક આપના પ્રાગટ્ય સ્થાન ગોકુળમાં છે.

ગોકુળમાં શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં આ બેઠકજી છે. અહીં જ આપનો જન્મ થયો. શિક્ષણ, વિવાહ વગેરે અહીં થયા. અહીં આપનું બાળપણ યુવાની વીતી. જીવનનો સૌથી વધુ સમય - ૮૦ વર્ષ - આપ અહીં બિરાજ્યા.

આ બેઠકજીમાં આપ નિત્ય પ્રભુની સેવા, શ્રીભાગવતજીનો પાઠ કરતા. રાત્રે નિત્ય વૈષ્ણવો સાથે ભાવવિભોર થઈ ભગવદ્ વાર્તા કરતા. અહીં બિરાજીને આપે કેટલાયે ગ્રંથોની રચના કરી હતી. શ્રીયમુનાજીનાં પદો તેમજ અનેક કીર્તનોની રચના કરી હતી. નિરોધલક્ષણ ગ્રંથ ઉપર ટીકા લખી હતી.

શ્રીહરિરાયજી સંવત ૧૭૨૫માં ખિમનોર પધાર્યા. અહીં આપ ૪૫ વર્ષ બિરાજ્યા. આ વર્ષો દરમ્યાન આપે પુષ્કળ સાહિત્યનું સર્જન કર્યું. અહીં બેઠકજી બિરાજે છે. સેવાપ્રકાર સુંદર રીતે ચાલે છે. નાથદ્વારા આવનાર ઘણા વૈષ્ણવો અહીં આવે છે. દર્શન, સેવા, ઝારીચરણસ્પર્શનો લાભ લે છે. હાલમાં આ બેઠકજીના ભવનનું નવનિર્માણ થઈ રહ્યું છે.

શ્રીહરિરાયજી અહીં બિરાજતા હતા ત્યારે જ શ્રીજીબાવા જતિપુરાથી મેવાડ પધાર્યા. સિંહાડમાં બિરાજ્યા. શ્રીજીબાવાને જ્યારે પણ કોઈ શ્રમ થતો ત્યારે આપ શ્રીહરિરાયજીને જણાવતા અને આપ તત્કાલ નાથદ્વારા પહોંચી જઈ શ્રીજીબાવાનો શ્રમ દૂર કરતા.



શ્રીગોકુલેશપ્રભુ વાર્તાસાહિત્યનું વર્ણન કરી રહ્યા છે. શ્રીહરિરાયજી ભગવદીયોની વાર્તાના એ પ્રસંગો લખી રહ્યા છે.

શ્રીજીબાવાના મંદિરની બરોબર બાજુમાં આવેલા ખેડા ગામમાં શ્રીવિઠ્ઠલનાથજીનું મંદિર સિધ્ધ થયું. આ વિશાળ મંદિરમાં આપશ્રીની બેઠક બિરાજે છે. આ બેઠક નાથદ્વારાની બેઠક કહેવાય છે. અહીં વૈષ્ણવો સેવા કે ઝારીચરણસ્પર્શ કરી શકતા નથી. દર્શન અવશ્ય કરે છે.

શ્રીનાથજીની સત્તાના સિંહાડ ગામને બદલે અહીં બાજુમાં આવેલા ખેડા ગામમાં આપ બિરાજ્યા કારણકે જ્યાં શ્રીનાથજીની સત્તા હોય ત્યાંનું જળ પણ લેવું ન જોઈએ એવું આપ માનતા. જો કે આજે તો સિંહાડ અને ખેડા ગામ બંને એક જ થઈ ગયા છે અને નાથદ્વારા નામથી ઓળખાય છે.

આમ ગોકુળ, ખીમનોર અને નાથદ્વારામાં આપના ઘરમાં જ બેઠકજી બિરાજે છે. આ સાતે બેઠકોમાં આપણે શ્રીહરિરાયજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.

આજે સત્સંગનો સમય થઈ ગયો છે. આપણે આશ્રયનું પદ બોલીએ. દાદાજીએ શ્રીહરિરાયજી રચિત એક સુંદર પદ ગવડાવ્યું. સૌએ તે ઝીલ્યું.

શ્રીવલ્લભ શ્રીવલ્લભ ધ્યાઉં । નામ લેત મન અતિ સચુ પાઉં ।।
શ્રીવલ્લભ કે નામ બિકાઉં । ઔર ન કાહુ મનમેં લાઉં ।।
શ્રીવલ્લભ તજિ અનત ન જાઉં । ચરન સરોજ મૂલ ઘર છાઉં ।।
શ્રીવલ્લભ હી કે ગુન ગાઉં । રૂપ નિરખિ નિજ નૈન અઘાઉં ।।
શ્રીવલ્લભ કે મન જો આઉં । આનંદ ફૂલ્યો ઉર ન સમાઉં ।।
શ્રીવલ્લભ કો જો હોં પાઉં । જસુમતિ સુત કો લાડ લડાઉં ।।
શ્રીવલ્લભ કી સરન રહાઉં । મુક્તિ મહાસુખ હૂઁ બિસરાઉં ।।
શ્રીવલ્લભકો દાસ કહાઉં । 'રસિક' સદા યહ નૈમ નિભાઉં ।।

૭. શ્રીહરિરાયજીની સાહિત્ય રચના

આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઈજીના અવર સ્વરૂપ એવા શ્રીહરિરાય મહાપ્રભુના જીવનચરિત્રના પ્રસંગો દરરોજ દાદાજી બાળકોને કહી રહ્યા છે. આજે દાદાજીએ એક ચિત્ર બતાવ્યું. શ્રીગોકુલેશપ્રભુ ભગવદ્ વાર્તા કરે છે. સામે બિરાજીને શ્રીહરિરાયચરણ લેખન કરી રહ્યા છે. પ્રેમજીભાઈ પણ ભગવદ્‌વાર્તાનું શ્રવણ કરી રહ્યા છે. શ્રીગોકુલેશપ્રભુ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાના પ્રસંગો વર્ણવે છે.

દાદાજીએ સમજાવ્યું : શ્રી હરિરાયજીનું પુષ્ટિસાહિત્યમાં ખૂબ મોટું યોગદાન છે. તેઓ સંપ્રદાયમાં શિક્ષાપત્રોના રચયિતા તરીકે વધુ જાણીતા છે. શિક્ષાપત્ર જેવો અજોડ ગ્રંથ આપીને આપે આપણા ઉપર મોટી કૃપા કરી છે. આપણે આજે ૮૪-૨૫૨ ભગવદીયોની વાર્તાઓ વાંચીએ છીએ. સાંભળીએ છીએ. તે વાર્તાઓ શ્રીગોકુલેશપ્રભુ દરરોજ રાત્રે ભગવદ્ વાર્તામાં કહેતા. શ્રીહરિરાય મહાપ્રભુએ એ બધી વાર્તાઓનું સંકલન કરી લિખિત સ્વરૂપમાં આપણને આપી. એ વાર્તાઓ વ્રજભાષામાં ગદ્યસ્વરૂપમાં લખાયેલી છે. તેમાં વણાયેલા પુષ્ટિસિદ્ધાંતોને આપે 'ભાવપ્રકાશ' લખી સમજાવ્યા છે.

શ્રીહરિરાયજીને પોતાના ગુરુદેવ શ્રીગોકુલેશપ્રભુમાં સુદૃઢ આસક્તિ હતી. આપે એને લઈને શ્રીગોકુલેશપ્રભુના ઘણા ગુણાનુવાદ ગાયા છે. આપની રચનાઓમાં 'શ્રીગુરુદેવાષ્ટકમ્', 'શ્રીગોકુલેશાષ્ટકમ્' , 'શ્રીગોકુલેશઅષ્ટોત્તરશત નામાવલિ' વગેરે મુખ્ય છે.

શ્રીગોકુલેશજી પાસેથી શ્રીમહાપ્રભુજીનાં અને શ્રીગુસાંઈજીના બેઠકજીઓનાં ચરિત્રો પ્રાપ્ત કરી, તેને પણ પુસ્તક રૂપે તૈયાર કરાવ્યાં.

આ ઉપરાંત આપશ્રીએ સેવાના સિધ્ધાંતને સમજાવતો 'સહસ્ત્રીભાવના' નામનો એક હજાર શ્લોકનો ગ્રંથ આપ્યો છે. શ્રીનાથજીના સ્વરૂપની અને નાથદ્વારાની ભાવ ભાવના સમજાવી છે. પ્રભુની લીલાભાવના, સ્વરૂપભાવના, નંદાલયની અને નિકુંજની સેવાભાવના વગેરે સમજાવ્યાં છે. ચરણચિહ્નની ભાવના સમજાવી છે. ભાવભાવનાનાં વ્રજભાષામાં લગભગ ૨૪ જેટલા ગ્રંથો આપ્યા છે.

આપશ્રીએ સંસ્કૃતમાં પણ ઘણી રચનાઓ કરી છે. નાના મોટા ૧૩૦ કરતાં વધુ ગ્રંથો પ્રકાશિત થયા છે. 'શ્રીહરિરાય વાઙ્મુક્તાવલિ'ના ત્રણ ભાગમાં આપશ્રીના બધા ગ્રંથો ગુજરાતી અનુવાદ સાથે પ્રગટ થયા છે. આ ઉપરાંત પણ આપની અનેક રચનાઓ આજે અપ્રકાશિત છે.

આપશ્રીએ આ બધા ગ્રંથો ઉપરાંત વધાઈ, નિત્યનાં પદો, વર્ષોત્સવનાં પદો, દીનતા-આશ્રયનાં પદો, શ્રીયમુનાજીનાં પદો એમ વ્રજભાષામાં અનેક પદો રચ્યાં છે. આ પદમાં આપશ્રીએ પોતાની છાપ રસિક, રસિકરાય, રસિકદાસ જેવી મૂકી છે. ક્યાંક હરિદાસ કે હરિધન પણ મૂકી છે.

એમ કહેવાય છે કે પુષ્ટિમાર્ગનો એક પણ વિષય એવો નથી કે જેના ઉપર શ્રીહરિરાયજીએ લેખન ન કર્યું હોય. વળી આપનું રચેલું સર્વ સાહિત્ય ખૂબ સરળ ભાષામાં, સ્પષ્ટ રૂપમાં છે. તેથી તેને સમજવામાં જરાયે મુશ્કેલી પડતી નથી. આપના ગ્રંથો દ્વારા અભ્યાસની શરૂઆત કરવાથી પુષ્ટિમાર્ગને સહેલાઈથી સમજી શકાય છે. આપે પ્રમાણ અને પ્રમેય બંને માર્ગોનું નિરૂપણ પોતાના ગ્રંથોમાં ખૂબ સરસ રીતે કર્યું છે. આપની બધી રચનાઓ સ્વાનુભવમાંથી પ્રગટ થયેલી હોવાથી, આપના ગ્રંથો વૈષ્ણવોની ભક્તિભાવનાની વૃદ્ધિ કરે તેવા હોવાથી ઉત્તમ પોષણ આપનારા છે. ઘણા ગ્રંથો નાના-લઘુ ગ્રંથો હોવાથી ઓછા સમયમાં શીખી શકાય છે. જેમકે તમે આ વર્ષે બાલપુષ્ટિમાં શ્રીવલ્લભનું સ્તોત્ર -'નિજાચાર્યાષ્ટકમ્' શીખી રહ્યા છો. અને એના દ્વારા શ્રીવલ્લભનું શરણ પ્રાપ્ત થાય એવી વિનંતી કરી રહ્યાં છો. વળી આપનાં સ્તોત્ર-પદ વગેરેની ભાષા મધુર છે, પદ લાલિત્ય ઘણું સુંદર છે, ગાઈ શકાય તેવાં છે તેથી તેને ગાવામાં ઘણો રસ પડે છે, આનંદ આવે છે.

તેથી જ શ્રીહરિરાયજી વૈષ્ણવોમાં રસસાગર અને શિક્ષાસાગર તરીકે પ્રસિધ્ધ છે. ભગવદ્ વાર્તાઓમાં નિયમિત રીતે તેમના ગ્રંથો-શિક્ષાપત્ર, ૮૪-૨૫૨ની વાર્તાઓ, ભાવભાવનાના ગ્રંથો-વંચાય છે. આપનાં રચેલાં પદો નિત્ય સેવાક્રમમાં ગવાય છે. શ્રીયમુનાજીનાં ૪૧ પદમાં પ્રથમ ચાર પદો આપે રચેલાં છે. શ્રીયમુનાજીની આપના ઉપર ખૂબ કૃપા હતી. ગોકુળમાં બિરાજતા હતા ત્યારે શ્રીયમુનાજીનાં દર્શન કરી આપે 'શ્રીયમુના વિજ્ઞપ્તિ' ની રચના પણ કરી હતી.

શ્રીયમુનાજીની અને શ્રીવલ્લભની કૃપાથી આપે જીવનભર સંસ્કૃત, વ્રજભાષા, ગુજરાતી, મારવાડી, પંજાબી વગેરે ભાષાઓમાં સુદર રચનાઓ કરી. શ્રીગોકુલેશપ્રભુ



શ્રીહરિરાયજી મહાપ્રભુ રાજકુમારી રૂપકુંવરબાને યશોદામૈયાના સ્વરૂપે દર્શન આપે છે.

આ રચનાઓ સાંભળી આજ્ઞા કરતા કે 'યે હરિબાવા તો હમારે વંશ કી અનમોલ નિધિ હૈ' આપશ્રીએ સદાયે આવી રચનાઓ દ્વારા વૈષ્ણવસૃષ્ટિના ભક્તિભાવને દૃઢ બનાવ્યો, ભાવનું પોષણ કર્યું અને આજ પર્યંત કરતા રહ્યા છે.

'દાદાજી, શ્રીહરિરાયજીનું સાહિત્ય સર્જન તો ખરેખર અદ્‌ભુત છે. આપે આટલું વિપુલ સાહિત્ય સર્જન, આટલી બધી ભાષાઓમાં કર્યું તે બતાવે છે કે આપ કેવા વિદ્વાન અને ભક્તિભાવથી ભરપૂર હૃદયવાળા હતા!' બાળકોએ અહોભાવથી શ્રીહરિરાયજીને વંદન કર્યાં.

'બાળકો, આજે ઘણો સમય થઈ ગયો છે. આપણે આશ્રયનું પદ બોલીએ. આજે શ્રીહરિરાયજીનું જ એક પદ તમને ગવડાવું છું. તમે સૌ મારી સાથે ગાઓ.'

શ્રીવલ્લભ સદા બસો મન મેરે ।
ધરમ કરમ કછુ નાહિ જાનત, જૈસે તૈસે તેરે ।।
દાન વૃતાદિક તેં કછુ નાહિન, હોત પુષ્ટિ કી ભક્તિ ।
તિહારી કૃપા કટાક્ષ વૃષ્ટિ તેં, હોત હૈ હરિ આસક્તિ ।।
તુમ બિન તત્ત્વ કછું નાહિન જગ, મૈં નિહચૈ મન કીન્હોં ।
શ્રીહરિ વદનાનલ આનંદનિધિ, વેદ બખાનત તીન્હોં ।।
ભટકિ ભટકિ હોં હાર્યો હા હા, કર પકરો મેરી બાંહ ।
બુરો ભલો 'હરિદાસ' તુમ્હારો, દેહુ ચરન કી છાંહ ।।

'આ કીર્તનમાં શ્રીહરિરાયજીએ પોતાની છાપ 'હરિદાસ' કેમ મૂકી છે?'

શ્રીહરિરાયજી પોતાને હરિ સ્વરૂપ એવા પરબ્રહ્મરૂપ શ્રીવલ્લભના દાસ માને છે અને તેથી કેટલીક રચનાઓમાં 'હરિદાસ' છાપ મૂકી છે.

૮. શ્રીહરિરાયજીનું અલૌકિક સામર્થ્ય

સત્સંગના સમયે બાળકો દાદાજીની આસપાસ ગોઠવાઈ ગયાં છે. મંગળાચરણના શ્લોકોનું ગાન કરી રહ્યાં છે.

'દાદાજી, શ્રીહરિરાયજી ગોકુળ છોડીને ખીમનોર કેમ પધાર્યા? વ્રજના જ કોઈ સ્થાનમાં કેમ ન બિરાજ્યા?' તુલસીના મનમાં પ્રશ્ન જાગ્યો છે.

'વ્રજપ્રદેશમાં તે સમયે મોગલ બાદશાહના આક્રમણો થતાં હતાં. મંદિરો તોડીને તેઓ સંપત્તિ લઈ જતા હતા. એટલે શ્રીહરિરાયજીએ ગોકુળ છોડવાનો વિચાર કર્યો.'

આપશ્રી ત્રિકાળજ્ઞાની હતા. શ્રીગોવર્ધનધરપ્રભુ જતિપુરા છોડીને નાથદ્વારા પધારશે એવા ભવિષ્યની આપને જાણ થઈ ગઈ હતી. તેથી જ એકવાર આપ રાજસ્થાનના સિંહાડ ગામ પાસે આવેલા ખેડા ગામ પધાર્યા ત્યારે ઉદયપુરના રાણા રાયસિંહને આજ્ઞા કરેલી કે આ ભૂમિ ઉપર નજીકના ભવિષ્યમાં શ્રીનાથજીબાવા પધારશે.

રાણા રાયસિંહને નવાઈ લાગી. શ્રીહરિરાયજીએ ભૂતકાળનો એક પ્રસંગ કહ્યો. આ સ્થાનમાં આપના વંશમાં અગાઉ થયેલ એક ભક્ત મહિલા રહેતાં હતાં. તેમનું નામ અજબકુંવરબાઈ. તેઓ શ્રીગુસાંઈજીનાં સેવક થયેલાં. શ્રીગુસાંઈજી પાસેથી તેમણે શ્રીનાથજીની ઘણી વાતો સાંભળેલી. તેમને ખૂબ ઈચ્છા હતી કે પોતે શ્રીનાથજીનાં દર્શન કરવા જાય. પરંતુ રાજઘરાનાની સ્ત્રી – પડદામાં રહેનારી–એ ઈચ્છા થાય ત્યારે ઓછી દોડી જઈ શકે? એમને શ્રીજીબાવાનો ખૂબ વિરહ રહેવા લાગ્યો. ઘણીવાર તો બેહોશ પણ થઈ જાય.

શ્રીજીબાવા અજબકુંવરબાઈનો સાચો ભાવ જાણી એકવાર તેમને ઘેર પધાર્યા. તેમની સાથે ચોપાટ રમ્યા. અજબકુંવરભાઈને ખૂબ આનંદ થયો. પછી તો શ્રીજીબાવા રોજ પધારતા. ન પધારે ત્યારે તેમને ખૂબ દુઃખ થતું. એકવાર શ્રીજીબાવાએ અજબને વચન આપ્યું: 'તું મને ચોપાટમાં હરાવે તો તું કહે એમ કરીશ.' અજબકુંવરબાઈ જીતી ગયાં. તેમણે માગ્યું : 'બાવા, સદાય મારી આ ઝૂંપડીમાં બિરાજો. પાછા ન જશો.'

શ્રીજીબાવાએ આજ્ઞા કરી : 'જ્યાં સુધી શ્રીગુસાંઈજી બિરાજે છે ત્યાં સુધી તો અહીં રહેવું શક્ય નથી. પણ પછી જરૂર તારો મનોરથ પૂર્ણ કરવા તારી ઝૂંપડીમાં આવીને રહીશ.'

'રાણાજી, આ વચન પૂર્ણ કરવા થોડાં વર્ષો બાદ શ્રીનાથજીબાવા અહીં પધારશે અને અજબબાઈના ઘરમાં જ બિરાજશે. આ આખું સિંહાડ ગામ તેમનું થશે. માટે તેમને માટે સુરક્ષિત રાખજો.'

'વળી આપે આસોટિયા ગામ આપના ગુરુદેવને ભેટ કર્યું છે. શ્રીદ્વારકાધીશજી પણ ગોકુળ છોડી આસોટિયા પધારશે અને તેમની સેવા પણ તમને પ્રાપ્ત થશે.'

રાણા રાયસિંહજીએ વિનંતી કરી : 'મહારાજ, આપ પણ આપના સેવ્ય શ્રીપ્રભુ સાથે પધારો અને અહીં બિરાજો.'

'રાણાજી, આ સિંહાડ ગામ તો શ્રીનાથજીનું થશે. એમની સત્તાના સ્થાનમાં અમારાથી ન રહેવાય. પણ એમ કરો. અહીં અમારો જ્યાં મુકામ છે તે સ્થાન - ખેડા ગામ - તમે મને આપો તો અહીં હું બિરાજીશ.'

રાણાજીએ પ્રસન્નતાપૂર્વક સિંહાડની બાજુમાં આવેલું એ ખેડા ગામ અને બીજું ખીમનોર ગામ શ્રીહરિરાયજીને ભેટ કર્યાં.

શ્રીહરિરાયજીએ અહીં બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. રાણા રાયસિંહજી દરરોજ આપનાં દર્શને આવતા. તેમણે વિચાર કર્યો કે આ મેવાડની ધરતી ખડકાળ છે. વરસાદ ઓછો છે. અહીં જળની સુગમતા માટે એક વિશાળ સરોવર બનાવીએ તો સારું. શ્રીહરિરાયજીએ જણાવ્યું છે કે શ્રીદ્વારકાધીશજી આસોટિયા પધારવાના છે, તો ત્યાં જ સરોવર બનાવીએ તો તેમને જળનું ઘણું સુખ થાય.

આસોટિયા અને કાંકરોલી ગામ વચ્ચે સેંકડો એકર જમીનમાં સાગર જેવું વિશાળ ભવ્ય સરોવર બનાવ્યું. રાણા રાયસિંહજીના નામ ઉપરથી તેનું નામ 'રાયસાગર' રાખવામાં આવ્યું.

આમ શ્રીનાથજી સિંહાડમાં પધારવાના હોવાથી તેમની સેવા માટે તેમની બાજુના ગામમાં શ્રીહરિરાયજી પધાર્યા. ખીમનોરમાં જરૂરી મકાનો બનાવી ત્યાં બિરાજ્યા.

શ્રીહરિરાયજી ખીમનોરમાં બિરાજતા હતા ત્યારે આપના અલૌકિક સામર્થ્યનો એક પ્રસંગ બનેલો. તે પણ સાંભળવા જેવો છે.

'દાદાજી, જરૂર સંભળાવો.'

શ્રીહરિરાયજીનાં દર્શન કરવા રાણારાયસિંહજીનો રાજ પરિવાર અવારનવાર ખીમનોર આવતો. એકવાર રાણી વજુબા સાથે તેમના એક ભાયાત સૂરજસિંહની દીકરી રૂપકુંવરબા પણ આવી હતી. તેણે શ્રીહરિરાયજીનાં દર્શન કર્યાં. આપશ્રીનું વ્યક્તિત્વ અતિ પ્રભાવશાળી હતું. અદ્‌ભુત લાવણ્યયુક્ત ગૌરદેહ, અલૌકિક શ્રીઅંગ, સપ્રમાણ ઊંચાઈ, તેજસ્વી નેત્રો, વિશાળ લલાટ, અગ્ર નાસિકા મુખારવિંદની અલૌકિક આભા-રાજસ્થાની જામો અને રાજસ્થાની પાઘનો પહેરવેશ તેમના લાવણ્યને વધુ નિખારતા હતા. આવા તેજસ્વી સ્વરૂપનાં દર્શન કરતાં રૂપકુંવરબા તેમના ઉપર મોહિત થઈ ગઈ.

પછી તો તે દરરોજ બપોરે આપશ્રીનાં વચનામૃત શ્રવણ કરવા આવવા લાગી. શ્રીહરિરાયજીને રૂપકુંવરબાની મનોવૃત્તિનો ખ્યાલ આવી ગયો. પોતાનાં વચનામૃતોમાં આપશ્રીએ એવો ઉપદેશ આપ્યો કે રૂપકુંવરબાનું મન સંસારની આસક્તિમાંથી ધર્મ તરફ વળે. ભગવદીયોનો સંગ કરી ધર્માનુરાગી બને. પરંતુ રૂપકુંવરબા ઉપર તેની અસર ન થઈ. તેણે પોતાની દાસી મારફત શ્રીહરિરાયજીને વિનંતી કરી કે પોતે આપને એકાંતમાં મળવા ઈચ્છે છે.

શ્રીહરિરાયજીએ વિચાર્યું : આ જીવ પુષ્ટિ છે, પણ પ્રવાહમાં ભટકી ગયેલો છે. એની વૃત્તિઓ નિર્મળ બનશે ત્યારે જ એનું મન પ્રભુમાં લાગશે. આપશ્રીએ આજ્ઞા કરી કે હું કાલે બપોરે તેમને મળીશ.

બીજા દિવસે રૂપકુંવરબા બપોરે આવી ગયાં. મનમાં ખૂબ આનંદ હતો. શ્રીહરિરાયજી એકાંતમાં બિરાજ્યા હતા. ત્યાં પહોંચી ગયાં. પણ દર્શન કરતાં શું જોયું? ત્યાં યશોદામા બિરાજ્યાં હતાં. ખોળામાં બાલકૃષ્ણલાલ સૂતાં સૂતાં સ્તનપાન કરી રહ્યા હતા.

રૂપકુંવરબા તો દર્શન કરતાં જ રહ્યાં. અવાક્ બની જઈને, બે હાથ જોડીને, મસ્તક નમાવી ઊભાં રહ્યાં. શરમથી આંખો ઝૂકી ગઈ. પોતાના મનના વિચારો માટે પસ્તાવા લાગ્યાં.

શ્રીહરિરાયજીના અલૌકિક સામર્થ્યનાં દર્શન કરી તેના મનનો મેલ ધોવાઈ ગયો. વિનંતી કરે છે :



શ્રીહરિરાયચરણ ભગવદ્વાર્તા કરી રહ્યા છે. વૈષ્ણવો એકચિત્ત થઈ શ્રવણ કરી રહ્યા છે.

'પ્રભુ, આપ તો પ્રભુના યે પ્રભુ-મહાપ્રભુ છો. ભાન ભૂલેલી મને આપે કૃપા કરી ભાનમાં આણી છે. બચાવી લીધી છે. આપ તો અગ્નિ સ્વરૂપ છો. અગ્નિમાં જેમ કચરો બળી જાય તેમ મારા મનની મલિનતા આપનાં દર્શને બળી ગઈ છે. મને દંડ દેવાને બદલે આપે અલૌકિક દર્શન કરાવી મારા ઉપર મોટી કૃપા કરી છે. મને ક્ષમા કરો.'

રાજકુંવરીએ આપશ્રીનાં ચરણોમાં દંડવત્ પ્રણામ કરી ક્ષમા માગી. શ્રીહરિરાયજીએ પોતે રચેલો 'કામાખ્યદોષ વિવરણ' નામનો ગ્રંથ રાજકુંવરીને સમજાવ્યો. તેનું રોજ મનન-ચિંતન કરવા આજ્ઞા કરી. રાજકુંવરીને સન્મતિ મળી. શ્રી હરિરાય મહાપ્રભુના અલૌકિક સામર્થ્યનું આ પરિણામ હતું.

બાળકો, આજે ઘણો સમય થઈ ગયો છે. આશ્રયનું પદ બોલીએ. આજે હું તમને જે પદ ગવડાવું છું તે પણ શ્રી હરિરાયજી વિરચિત જ છે. તેમાં આપશ્રીએ 'રસિક' છાપ મૂકી છે. તેઓ કહે છે કે મને શ્રીવલ્લભનો દૃઢ ભરોસો છે. એમના સિવાય બીજા કોઈ દેવને હું જાણતો કે માનતો નથી.

મોહિ શ્રી વલ્લભ હી કો ભરોસોં ।
અન્ય દેવ કો જાનો ન માનોં, ઈનકો આસરો ખરો સોં ।
સમઝ વિચાર દેખ મન મેરે, બાર બાર કહોં તો સોં ।
'રસિક' સુધા-સાગર કો છાંડિકે, ક્યોં પીવત જલ ઓંસો ।।

૯. હોં વારિ ઈન વલ્લભીયન પર

રાત્રે સત્સંગના સમયે દાદાજીએ એક સુંદર ચિત્ર બતાવ્યું : શ્રી હરિરાયજી ભગવદ્વાર્તા કરી રહ્યા છે. વૈષ્ણવો એકચિત્ત થઈને શ્રવણ કરી રહ્યા છે. દર્શન કરીને દીપમે પૂછ્યું :

'દાદાજી, આજે આ ચિત્રમાં દેખાય છે તે પ્રસંગ કહેશો?'

'હા, બેટા. આજે હું તમને શ્રીહરિરાયજીને એક એવો પ્રસંગ કહીશ કે જેમાં શ્રીહરિરાયજીને વૈષ્ણવો ઉપર કેવો પ્રેમ હતો તે સમજાશે.'

'જરૂર કહો દાદાજી.' બધાએ આગ્રહ કર્યો.

'શ્રી હરિરાયજીનો રાત્રે ભગવદ્વાર્તા કરવાનો નિત્યક્રમ હતો. આપશ્રીએ શ્રીનાથજીના મંદિરની બાજુમાં શ્રીવિઠ્ઠલનાથજીનું મંદિર સિધ્ધ કરાવ્યું. ત્યાં પોતાના સેવ્યપ્રભુને પધરાવી પોતે પણ બિરાજ્યા. અહીં પણ દરરોજ રાત્રે ભગવદ્વાર્તા કરતા.'

વૈષ્ણવો આપશ્રીના મુખેથી શ્રીસુબોધિનીજી, ૮૪-૨૫૨ ભગવદીયોની વાર્તાઓ વગેરે સાંભળે. પુષ્ટિમાર્ગની પાયાની બાબતો આપ સમજાવે. આપશ્રીનાં વચનામૃતોનું પાન કરી વૈષ્ણવો સાચા વૈષ્ણવ બન્યા હતા. શ્રીવલ્લભનો દૃઢ આશ્રય રાખી, પ્રભુનાં સેવા-સ્મરણમાં હંમેશા તત્પર રહે, એવા બન્યા હતા.

દરરોજ મધ્યરાત્રિ સુધી ભગવદ્વાર્તા થાય. પછી વૈષ્ણવો પોતાને ઘેર જવા નીકળે. ભગવદ્વાર્તાના રસમાં મગ્ન થયેલા એ વૈષ્ણવો મંદિરની બહાર આવીને સાંભળેલા પ્રસંગોનું પરસ્પર મનન-ચિંતન કરે. ધોળ-પદ ગાય. ભાવવિભોર બની નૃત્ય પણ કરે. આમ નાચતા-ગાતા-કીર્તન કરતા તેઓ એ પણ ભૂલી જાય કે મધ્યરાત્રિનો સમય છે, બધા ઊંઘે છે.

મંદિરની બાજુમાં કેટલાક જૈન કુટુંબો રહે. તેમની ઊંઘ રોજ બગડે. અકળાઈને તેમણે શ્રીહરિરાયજીને ફરિયાદ કરી : 'મહારાજ, તમારા વૈષ્ણવો અડધી રાત્રે અમારા ઘર પાસે ધમાલ કરે છે. આ તે કેવો ધર્મ છે?'

આપશ્રીએ આજ્ઞા કરી : આજે રાત્રે હું મારા વૈષ્ણવોને સમજાવીશ.

રાત્રે ભગવદ્વાર્તા પછી વૈષ્ણવો રોજની જેમ મંદિરની બહાર આવી સાંભળેલા પ્રસંગોની ચર્ચા કરી રહ્યા હતા. શ્રીહરિરાયજી પણ તેમની પાછળ બહાર પધાર્યા. એક અંધારા ખૂણામાં ઊભા રહી, વૈષ્ણવો શું કરે છે તે જોવા લાગ્યા.

થોડીવાર પછી વૈષ્ણવો મંડળાકારે ગોઠવાઈ, તાલીઓના તાલ સાથે કીર્તન ગાવા લાગ્યા. વૈષ્ણવોના મંડળની મધ્યમાં શ્રીહરિરાયજીને અલૌકિક દર્શન થયાં. સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજી મંડળની મધ્યમાં નૃત્ય કરી રહ્યા હતા!

શ્રીહરિરાયજી તો અપલક નેત્રે આ દર્શન કરી રહ્યા. તેમનું રોમ રોમ આનંદથી પુલકિત થઈ ગયું. વાહ, મારા વૈષ્ણવોનું ગાન પ્રભુને કેટલું પ્રિય છે! તેઓ એ વૈષ્ણવો ઉપર ઓવારી ગયા. ગાવા લાગ્યા :

હોં વારી ઈન વલ્લભીયન પર ।
મેરે તનકો કરોં બિછૌના, શીશ ધરોં ઈનકે ચરનન તર ॥
ભાવ ભરી દેખ્યોં ઈન અંખિયન, મંડલ મધ્ય બિરાજત ગિરધર ।
યે તો મેરે પ્રાણજીવન ધન, દાન દિયે હૈં શ્રીવલ્લભવર ॥
પુષ્ટિમાર્ગ પ્રકટ કરિવેં કો, પ્રગટે શ્રીવિઠ્ઠલ દ્વિજ વપુ ધર ।
દાસ 'રસિક' બલૈયા લે લે, વલ્લભીયન કી ચરનરજ અનુસર ॥

શ્રીહરિરાયજીએ આ પદમાં ગાયું કે હું આ વલ્લભના કૃપાપાત્ર વૈષ્ણવો ઉપર વારી જાઉં છું. એમને માટે તો હું મારા શરીરની પથારી કરી દઉં, તેમના ચરણોમાં મારું મસ્તક નમાવી દઉં. જુઓ તો ખરા, એમના મંડળની મધ્યમાં સાક્ષાત્ શ્રીગિરિધરલાલ - શ્રીગોવર્ધનધર નૃત્ય કરી રહ્યા છે! એ શ્રીવલ્લભ-વિઠ્ઠલના કૃપાપાત્ર ભગવદીયોની હું ચરણરજ લઉં છું.

શ્રીહરિરાયજી આ રીતે ભગવદીયોની પ્રશંસા કરી, તેમના ચરણોમાં વંદન કરી, પોતાની બેઠકમાં પધારી ગયા.

જે જૈન પરિવારોએ આ જોયું, તેઓ વિચારમાં પડી ગયા. વૈષ્ણવોને ઠપકો આપવાને બદલે તેમના ગુરુ તેમને વંદન કરે છે! નક્કી આમાં કોઈ વિશેષ બાબત હશે. કોઈ ધર્મમાં આવું નથી જોયું કે ગુરુ પોતાના શિષ્યોને વંદન કરે ! આ તો શ્રીહરિરાયજી જ છે, જેઓ વૈષ્ણવો ઉપર આવો પ્રેમ રાખે છે. વૈષ્ણવોને પોતાનું સર્વસ્વ માને છે.

બીજા દિવસે શ્રીહરિરાયજી પાસે આવી તેઓ વૈષ્ણવ બન્યા. શ્રીહરિરાયજીએ વૈષ્ણવી જીવન કેવું હોવું જોઈએ, તે બાબત તેમને એક પદ રચી સમજાવી.

જીવન જો ઐસો બની આવે ।
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલપ્રભુકી શરણાગતિ જો પાવે ।

આ કીર્તન આપશ્રીએ પોતાના પ્રિય સેવક પ્રેમજીભાઈને પણ સંભળાવ્યું હતું. પ્રેમજીભાઈને નિત્ય ભગવદ્વાર્તા, સેવા-સત્સંગમાં શ્રીહરિરાયજી પોતાની સાથે રાખતા.

‘દાદાજી, આજે આપે કહ્યો તે પ્રસંગ તો અદ્‌ભુત છે. આવી ભગવદ્‌વાર્તા કરનારને અને ભગવદ્‌વાર્તાનું શ્રવણ કરનાર આવા વૈષ્ણવોની કથાશ્રવણ ભક્તિને અમે વંદન કરીએ છીએ.’ બાળકોએ પોતાનો અહોભાવ શ્રીહરિરાયજી પ્રત્યે અને એ વલ્લભીય વૈષ્ણવો પ્રત્યે પ્રગટ કર્યો.

શ્રીહરિરાયજી આ પ્રમાણે બધા વૈષ્ણવો ઉપર પ્રેમ રાખતા.

તેમના એક સેવક હતા શ્રી હરજીવનદાસ. તેઓ વિરક્ત વૈષ્ણવ હતા. વ્યસન અવસ્થાને પામેલ હતા. નિત્ય વ્રજમાં ફરતા રહેતા. તેમના અંતઃકરણમાં પ્રભુની લીલાઓનું અનુસંધાન ચાલતું રહેતું. આપશ્રીએ બધા વૈષ્ણવોને કહી રાખેલું કે હરજીવનદાસનું સૌએ ધ્યાન રાખવું. એમને પ્રસાદ લેવડાવવાની વ્યવસ્થા કરવી. એક વખત હરજીવનદાસ ફરતા ફરતા ગોકુળમાં આવ્યા. શ્રીહરિરાયજીનાં સેવક ગંગાબાઈના ઘેર ગયા.

ગંગાબાઈએ હરજીવનદાસને આવેલા જોયા. શ્રીઠાકોરજીને ભોગ ધરવા માટે ખીરની સામગ્રી સિધ્ધ કરી રાખેલી હતી. તે સામગ્રીનો કટોરો હરજીવનદાસને આપ્યો. હરજીવનદાસ ખીર આરોગીને ચાલ્યા ગયા.

શ્રીહરિરાયજીએ જ્યારે આ વાત જાણી ત્યારે આજ્ઞા કરી : ‘ડોકરી, તેં આ માર્ગનો સાચો મર્મ જાણ્યો છે. શ્રીઠાકોરજી પોતાના અંતરંગ ભક્તના હૃદયમાં બિરાજીને સામગ્રી અંગીકાર કરે છે. એવા સમયે અસમર્પિત સામગ્રી લેવાનો દોષ ભગવદીયને લાગતો નથી.’

‘દાદાજી, આ તો રાજા આશકરણજી જેવું થયું. તેમને પણ વ્યસનદશા સિધ્ધ થઈ હતી, ત્યારે શોભા બેટીજીએ શ્રીનવનીતપ્રિયજીને ધરવાનો રાજભોગનો થાળ તેમને ધર્યો હતો અને શ્રીનવનીતપ્રિયજીએ આજ્ઞા કરી હતી કે હું આશકરણજીના હૃદયમાં બિરાજીને એ રાજભોગ આરોગ્યો હતો.’

બરોબર છે. વ્યસનદશામાં ભક્તને પોતાના દેહનું અનુસંધાન રહેતું નથી. ભક્તનું મન ભગવાનમાં જોડાઈ જાય છે. ત્યારે ભગવાન સાક્ષાત્‌ તેના હૃદયમાં બિરાજીને આરોગે છે, તેથી વૈષ્ણવને અસમર્પિત લેવાનો દોષ લાગતો નથી. પ્રભુને માટે સિધ્ધ કરવામાં આવેલી સામગ્રી પ્રભુ જ આરોગે છે માટે આરોગાવનાર



શ્રીહરિરાયજી શ્રીનાથજીબાવાના મંદિરમાં પેંડો બિછાવી રહ્યા છે.



શ્રીહરિરાયજી શ્રીજીબાવાની મોજડી વડી કરી રહ્યા છે.

વૈષ્ણવને પણ પ્રભુની સામગ્રીનો અન્ય વિનિયોગ કરાવવાનો દોષ લાગતો નથી.

આ રીતે શ્રીહરિરાયજી પોતાના સેવકોનો ખ્યાલ રાખતા. વૈષ્ણવોને પુષ્ટિમાર્ગના સિધ્ધાંતો સમજાવતા.

'આજે આપણો સમય થઈ ગયો છે. શ્રીહરિરાયજી રચિત શ્રીવલ્લભના આશ્રયનનું એક પદ ગાઈ આપણે આજના સત્સંગનું સમાપન કરીએ.'

શ્રીવલ્લભ નામ રટોં રસના નિત, રહો સુમિરત હિય આઠોં જામ ।
દેખોં નયનન સદા સુંદરતા, શ્રવન સુનોં કીર્તિ ગુન ગ્રામ ॥
પુહુપ પ્રસાદ સુવાસ નાસિકા, લેહું ઉગાર વદન રસ ધામ ॥
સેવા કરહું ચરન કર દોઉન, બાર બાર સિર કરો પ્રનામ ॥
દુઃખ સંસાર છુડાવન સુખનિધિ, આનંદ રૂપ ભક્ત વિશ્રામ ।
'રસિક સિરોમનિ' દીન જાનિકેં, સીસ બિરાજો પૂરન કામ ॥

૧૦. કૃપા શ્રીગોવર્ધનધરની

રાત્રે સત્સંગનો સમય થયો. આજે તો દાદાજી બે સુંદર ચિત્રો લઈ આવ્યા છે. બાળકોએ મંગળાચરણના શ્લોકોનું ગાન કર્યું. પછી કહે છે : આજે દાદાજી બે પ્રસંગો કહેવાના હોય તેવું લાગે છે.

'સાચી વાત છે. આજે શ્રીહરિરાયજીના જીવનના એવા બે પ્રસંગો આપણે જોઈશું કે જેમાં શ્રીહરિરાયજીએ શ્રીજીબાવાની આજ્ઞાથી એમનો શ્રમ દૂર કર્યો છે.'

'શ્રમ દૂર કર્યો છે? શ્રીજીબાવાની આજ્ઞાથી? શું શ્રીજીબાવા શ્રી હરિરાયજી સાથે વાતો કરતા હતા? તેમને સાક્ષાત્ આજ્ઞા કરતા હતા?'

'હા, જેમ શ્રીજીબાવા શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી વગેરે સાથે સાક્ષાત્ વાતો કરતા, તેમ શ્રીહરિરાયજી સાથે પણ વાતો કરતા. કોઈ શ્રમ થતો હોય તો તેમને જણાવતા અને શ્રીહરિરાયજી એ શ્રમ દૂર કરતા.'

'દાદાજી, આજે તો એ પ્રસંગો જ કહો.'

'ભલે, સાંભળો.'

શ્રીનાથજીબાવા જતિપુરાથી મેવાડમાં પધાર્યા. સિંહાડમાં બિરાજ્યા. તે સમયે શ્રીહરિરાયજી ખિમનોરમાં બિરાજતા હતા. તિલકાયત શ્રી દાઉજી મહારાજ પૂર્ણપ્રેમથી શ્રીજીબાવાની સેવા કરતા હતા.

સેવામાં એક એવી રીત હતી કે રાજભોગ દર્શન બાદ અનોસર થાય ત્યારે શ્રીજીબાવાના નિજમંદિરથી શય્યામંદિર સુધી પેંડો બિછાવાય. વ્રજભાષામાં પેંડો શબ્દ રસ્તાના અર્થમાં વપરાય છે. રસ્તામાં રૂ ભરેલી મખમલની ગાદી, તેના ઉપર સફેદ ચાદર સાથે બિછાવાય. શ્રીજીબાવા એના ઉપર થઈને શય્યામંદિરમાં પધારે.

એક દિવસ અનોસર કરતાં પેંડો બિછાવવાનો રહી ગયો. મંદિરને તાળામંગલ કરી મહારાજશ્રી મોતી મહેલમાં તેમની બેઠકમાં પધારી ગયા. શ્રીજીબાવા તો પેંડો બિછાવવાની રાહ જોતા નિજમંદિરમાં જ બિરાજી રહ્યા.

જ્યારે પણ સેવામાં આવી કોઈ ભૂલ થતી ત્યારે શ્રીજીબાવા શ્રી હરિરાયજીને જણાવતા. શ્રીહરિરાયજી ખિમનોરમાં ઘોડો, પાલખી, રથ, સુખપાલ જેવી કોઈ સવારી હંમેશા તૈયાર રાખતા. તરત જ પધારી શ્રીજીબાવાનો શ્રમ દૂર કરતા.

આજે પણ શ્રીજીબાવાએ પેંડો ન બિછાવવાની જાણ શ્રીહરિરાયજીને કરી કે તરત આપશ્રી ઘોડા ઉપર સવાર થઈને ખિમનોરથી સિંહાડ પધાર્યાં. અપરસમાં સ્નાન કરી, દાઉજી મહારાજની બેઠકમાં પધાર્યાં. ત્યાંથી ચાવીઓનો ઝૂમખો લઈ, નિજમંદિરમાં જઈ, તાળામંગલ ખોલી અંદર પધાર્યા, પેંડો બિછાવી, શ્રીજીબાવાને દંડવત્ પ્રણામ કરી, પાછા દાઉજીની બેઠકમાં પધાર્યા. આપશ્રીને સર્વ હકીકત કહી. સેવામાં સાવધાની રાખવા આજ્ઞા કરી, પાછા ખીમનોર પધાર્યા.

શ્રીહરિરાયજીએ સમજાવ્યું : સેવામાં કોઈ ભૂલ થાય તો પ્રભુને શ્રમ થાય છે માટે સાવધાની રાખવી.

'દાદાજી, હવે આ બીજા ચિત્રનો પ્રસંગ કહો.'

'સુરતના ઘરમાં શ્રીપુરુષોત્તમજી મહારાજ થઈ ગયા. સંપ્રદાયના પ્રખર વિદ્વાન આચાર્ય. નવ લાખ શ્લોકોનું સાહિત્ય તેમણે રચ્યું છે. તેમના સમયના સર્વ માયાવાદી પંડિતોને શાસ્ત્ર ચર્ચામાં તેમણે પરાજિત કરેલા. તેથી તેઓ 'દશદિગંત વિજયી' કહેવાતા.

આવા મહાન આચાર્ય શ્રીપુરુષોત્તમજી સુવર્ણની રત્નજડિત સુંદર મોજડીઓ સિધ્ધ કરી શ્રીજીબાવાને અંગીકાર કરાવવા નાથદ્વારા પધાર્યા. શ્રીપ્રભુને મોજડીઓ શીતકાળમાં જ ધરાય. શ્રીપુરુષોત્તમજીને પધારતા ઘણો સમય લાગ્યો. શીતકાળ પૂર્ણ થઈ ગયો. ગ્રીષ્મકાલની ગરમીમાં મોજાં-મોજડીઓ ધરાય નહિ. શ્રીપુરુષોત્તમજીને ખૂબ તાપ થયો. આપશ્રીએ શ્રીતિલકાયત મહારાજશ્રીને વિનંતી કરી : 'શ્રીજીબાવાને મોજડીઓ અંગીકાર કરાવવાનો મારો મનોરથ પૂર્ણ થાય તેવી કૃપા કરો.'

શ્રી દાઉજી મહારાજે પ્રભુના સુખનો અને વલ્લભકુલના બાળક જાણીને તેમનો મનોરથ અંગીકાર કરાવવા માટેના તાપનો વિચાર કરીને મધ્યમ માર્ગ બતાવ્યો.

'ભલે, કાલે આપ શૃંગાર કરી મોજડીઓ ધરાવજો. રાજભોગ દર્શન પછી અનોસર કરતાં પહેલાં વડી કરી લેજો.' આજ્ઞા પ્રમાણે શૃંગાર સમયે મોજડીઓ ધરાઈ. મુખિયાજીને રાજભોગ પછી મોજડી વડી કરવાની આજ્ઞા આપી, દાઉજી મહારાજ પોતાની બેઠકમાં પધાર્યા. પણ પુરુષોત્તમજીને આટલાથી સંતોષ ન થયો. તેમની ઈચ્છા હતી કે સાંજ સુધી પ્રભુને મોજડીઓ ધરાયેલી રહે, એટલે મોજડી ધર્યા પછી આપશ્રીએ મુખિયાજીને આજ્ઞા કરી કે તમે રાજભોગ પછી નહિ પણ ઉત્થાપન પછી સાંજે મોજડીઓ વડી કરજો. હું તમને એકહજાર સોનામહોર સેવકી આપીશ, મુખિયાજીએ રાજભોગ પછી મોજડી વડી ન કરી. અનોસર કરી દીધા.

શ્રીજીબાવાને આ ન ગમ્યું. ગ્રીષ્મઋતુ અને પગમાં ભારે મોજડીઓ! સેવક પોતાના સ્વાર્થ કે આનંદ માટે કલ્પિત પ્રકારે સેવા કરે તે બરાબર નથી. સેવકો આ પ્રમાણે કરશે તો સેવામાં શિસ્ત નહિ સચવાય. અરાજકતા વધી જશે. પરિણામે મને જ શ્રમ થશે.

આમ વિચારી ખિમનોરમાં બિરાજતા શ્રીહરિરાયજીને આજ્ઞા કરી : 'આપ સત્વરે અહીં પધારો. ગરમીમાં મોજડીઓથી હું પરેશાન થઈ રહ્યો છું. એ વડી કરો, જેથી હું સુખેન ખેલવા પધારું.'

આજ્ઞા સાંભળી ભાવવિભોર થઈ શ્રીહરિરાયજી ઘોડા ઉપર સવાર થઈ તરત પધાર્યા. સ્નાન કરી. ચાવીઓ મગાવી, તાળું ખોલી, નિજમંદિરમાં પધાર્યા. મોજડી વડી કરી. શ્રીજીબાવાને થયેલા પરિશ્રમ માટે ક્ષમા માગી. બહાર પધાર્યા.

તિલકાયતજી પાસે જઈ તેમને સર્વ હકીકત જણાવી. દાઉજી મહારાજે મુખિયાજીને બોલાવી, ફરી આવું નહિ કરવા અને સેવામાં સાવધાન રહેવા આજ્ઞા કરી. શ્રીહરિરાયજી શ્રીનાથજીબાવાની પોતાના ઉપર થયેલ કૃપાને યાદ કરી, આંખમાં આનંદનાં અશ્રુ સાથે પાછા ખિમનોર પધાર્યા. શ્રીહરિરાયજીને શ્રીનાથજીબાવા માટે આવો અપાર પ્રેમ હતો.

આ પ્રમાણે શ્રીગોવર્ધનધર પ્રભુ શ્રીહરિરાયજીને સાક્ષાત્ આજ્ઞા કરતા. પોતાને થયેલો શ્રમ દૂર કરવા તેમને કહેતા.

‘દાદાજી, શ્રીનાથજીબાવા જેનાથી ભૂલ થઈ હોય તેને કહેવાને બદલે શ્રીહરિરાયજીને જ કેમ કહેતા?’

‘જેણે ભૂલ કરી હોય, અપરાધ કર્યો હોય એની સાથે પ્રભુ થોડા સાક્ષાત્ વાતો કરે? અપરાધ કરનારને એ રીતે એના અપરાધની શિક્ષા આપે. બીજું કારણ એ કે પોતાના પ્રિય સેવક હોય તેના ઉપર કૃપા કરી, તેની સેવા અંગીકાર કરવા માટે પણ તેને જણાવે અને તેના દ્વારા ભૂલ કરનારને સમજાવે કે સેવામાં સાવધાની રાખો.’

આ બંને પ્રસંગોમાં શ્રીજીબાવાએ શ્રીહરિરાયજીને જણાવ્યું છે, એ બાબત બતાવે છે કે શ્રીનાથજીબાવાની શ્રીહરિરાયજી ઉપર ખૂબ કૃપા હતી. તેઓ તેમને બહુ પ્રિય હતા. તેથી તેમને સાક્ષાત્ આજ્ઞા કરતા. વળી આ બંને પ્રસંગોમાં પ્રભુને શ્રમ ન થાય તે રીતે સાવધાનીથી સેવા કરવી. એવું પણ સમજાવ્યું.

‘દાદાજી મને એક બીજો પણ પ્રશ્ન થાય છે. શ્રીઠાકોરજી વ્રજમાં ખેલવા પધારે છે ત્યારે ખુલ્લા ચરણારવિંદથી પધારે છે. ત્યાં તો કોઈ ગાદી બિછાવવામાં આવતી નથી. મંદિરમાં પેંડો બિછાવવાનો રહી ગયો તો નિજમંદિરથી શય્યામંદિર સુધી ગાદી વગર કેમ ન પધાર્યા ?’

શ્રીહરિરાયજીએ સમજાવ્યું છે કે ‘વ્રજની ભૂમિ અને મેવાડની ભૂમિની સરખામણી ન થાય. વ્રજભૂમિ તો શ્રીનાથજીના ચરણોના જેવી જ કોમળ છે. ત્યાં શ્રમ નથી. વ્રજમાં પ્રભુ પોતાની ઈચ્છા મુજબ વિચરણ કરે છે. લીલા કરે છે. અહીં મંદિરમાં બિરાજતા પ્રભુ શ્રીવલ્લભ–શ્રીવિઠ્ઠલને આધીન છે. તેમણે નિયત કરેલી પ્રણાલિકા પ્રમાણે સેવા અંગીકાર કરે છે. શ્રીગુસાંઈજીના સમયથી મંદિરમાં નિજમંદિરથી શય્યામંદિરમાં શય્યા સુધી પેંડો બિછાવવાની રીત શરૂ થઈ છે. તેની પાછળ એવી ભાવના છે કે આ ગાદી ઉપર પોતાનાં કોમળ ચરણારવિંદ ધરી શ્રીજીબાવા પધારે, જેથી તેમને શ્રમ ન થાય. શ્રીગુસાંઈજીની આ વ્યવસ્થા શ્રીજીબાવાએ માન્ય રાખી અને પેંડો બિછાવ્યો ન હોવાથી પધાર્યા નહિ. આપણે ત્યાં સમારંભોમાં મોટા માણસો આવે ત્યારે એમના સન્માન માટે રસ્તામાં લાલ જાજમ પાથરવામાં આવે છે ને? એ જાજમ ઉપર ચાલીને તેઓ સ્ટેજ ઉપર આવે. તે રીતે તેમને સન્માન અપાય. તેવું જ કંઈ આ રીતમાં પણ છે.

‘દાદાજી, આ બંને પ્રસંગ સાંભળવાનો આજે ખૂબ આનંદ આવ્યો.’

‘બાળકો, આજે આપણો સમય થઈ ગયો છે. ચાલો આશ્રયનું પદ બોલીએ. આ પદ પણ શ્રીહરિરાયજી રચિત છે. તેમાં તેમણે પોતાની ‘રસિક સિરોમનિ’ છાપ મૂકી છે. તેઓ કહે છે કે શ્રીવલ્લભના સુપુત્ર શ્રીવિઠ્ઠલનાથ – શ્રીગુસાંઈજી મારા સ્વામી છે. તેઓ આ ભવસાગરથી મને તારે અને પોતાના શરણમાં રાખે તેવી વિનંતી છે.

દાદાજીએ પદ ગવડાવ્યું. સૌએ ઝીલ્યું.

હમારે શ્રીવિઠ્ઠલનાથ ધની।
ભવસાગર તેં તારિ મહાપ્રભુ, રાખે સરન અપુની।।
જાકો નામ રટૈ નિસિવાસર, સેસ સહસ્ર ફની।
‘રસિક સિરોમનિ’ શ્રીવલ્લભ સુત, ત્રિભુવન મુકુટ મની।।



શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુનો ઉષ્ણકાલનો મનોરથ

૧૧. શ્રીહરિરાયજીની ભક્તિભાવના

દાદાજીએ સત્સંગના સમયે બાળકોને એક સુંદર ચિત્ર બતાવ્યું. દ્વિતીય નિધિસ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીસ્વામિનીજી બિરાજે છે. શ્રીહરિરાયજીના આ સેવ્ય સ્વરૂપ છે. શ્રીહરિરાયજી બાળપણથી તેમની સેવામાં પ્રવૃત્ત છે.

શ્રીહરિરાયજી આજ્ઞા કરતા કે આપણા સેવ્ય પ્રભની સેવા આપણા જ તન-મન-ધનથી કરવી. બીજા પાસે સેવા ન કરાવવી. બીજાનું તન અને આપણું ધન ન ચાલે. આપણે દાસ છીએ. એ સ્વામી છે. દાસનો ધર્મ જાતે સેવા કરવાનો છે. તે પ્રમાણે પોતાના સેવ્ય શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુની સેવા પોતે જાતે પૂર્ણ પ્રેમથી કરતા.

ચિત્રમાં દર્શન કરો. ઉષ્ણકાલનો સમય છે. શ્રીપ્રભુની સન્મુખ જળ ભરેલું છે. તેમાં કમળ ખીલ્યાં છે. ફૂવારા ઊડે છે. કમળના ફૂલની ડિઝાઈનવાળી સુંદર પિછવાઈ છે. શ્રીહરિરાયજી પ્રભુની પંખાની સેવા કરી રહ્યા છે.

શ્રીહરિરાયજી પ્રકાંડ પંડિત, સમર્થ સાહિત્યકાર હતા, તેની પહેલાં મહાન ભક્ત હતા. પ્રેમ અને દીનતાસભર હૃદયથી શ્રીપ્રભુની સેવામાં હંમેશા તત્પર રહેતા. આપશ્રીનું બાળપણ અને યૌવન પુષ્ટિમાર્ગના ઉદ્‌ભટ વિદ્વાન અને અનન્ય ભક્તિભાવનાથી ઓતપ્રોત સેવા ચતુર્થ કુમાર શ્રીગોકુલેશપ્રભુના સાન્નિધ્યમાં વીતેલું. શ્રીગોકુલનાથજીના સાહચર્ય, સંપર્ક અને શિક્ષણના કારણે શ્રીહરિરાયજીમાં પણ શ્રીપ્રભુ પ્રત્યે અપૂર્વ ભક્તિભાવના વિકસી. જેમ જેમ તેઓ મોટા થતા ગયા તેમ તેમ પ્રભુ પ્રત્યેનો અનુરાગ દૃઢ થતો ગયો.

પોતાના સેવ્ય પ્રભુ ઉપરાંત શ્રીનાથજીબાવાની સેવામાં જ તેમનો સમય વ્યતીત થતો. અહર્નિશ સેવા અને લીલા ચિંતનમાં જ મગ્ન રહેતા. શ્રીનાથજી પ્રત્યેનો પ્રેમ એટલો વિકસ્યો કે તેમના વિના એક ક્ષણ પણ રહી ન શકતા. આ જ કારણથી જ્યારે તેમણે ભવિષ્ય જોયું કે શ્રીનાથજીબાવા વ્રજ છોડીને મેવાડ પધારશે ત્યારે પોતે પણ ગોકુલ છોડીને શ્રીનાથજીબાવા જ્યાં બિરાજવાના હતા, તે સિંહાડ ગામની નજીક ખિમનોરમાં પોતાના સેવ્ય પ્રભુ અને મહત્વના સાંપ્રદાયિક

ગ્રંથ સાહિત્ય સાથે પધારી ગયા. ખિમનોરમાં ૪૫ વર્ષ બિરાજ્યા. ત્યાં બિરાજીને પણ શ્રીનાથજીબાવાની સેવામાં સદા તત્પર રહ્યા. શ્રીનાથજીબાવા પ્રત્યે એમના હૃદયમાં ઉત્કટ પ્રેમ હતો. તેથી જ શ્રીજીબાવા જ્યારે એમને કોઈ શ્રમ થાય ત્યારે શ્રીહરિરાયજીને જ આજ્ઞા કરી બોલાવવા અને પોતાને થયેલો શ્રમ દૂર કરાવતા. તેમની સાથે વાતો કરતા. શ્રી તિલકાયત મહારાજ પણ શ્રીહરિરાયજીનું ખૂબ માન રાખતા અને આજ્ઞાનું પાલન કરતા.

આ બધાનું કારણ એ હતું કે શ્રીનાથજી પ્રત્યેની આપની ભક્તિ પ્રેમયુક્ત તો હતી જ પણ સાથે દૈન્યતા પણ હતી. રસમયતાની સાથે દૈન્યભાવ હોવાથી તેમણે ભક્તિને જાણે સાકારરૂપ પ્રદાન કર્યું હતું. પોતાની સ્નેહમયી ભક્તિ દ્વારા ઘણા લોકોને તેમણે શ્રીકૃષ્ણની ભક્તિ તરફ આકર્ષિત કર્યા. તેમના અનેક સેવકો થયા. તેમને સમજાવ્યું કે શ્રીકૃષ્ણ જ પરમ આરાધ્ય તત્વ છે. તેમની ભક્તિ અને તેમની લીલાઓના ચિંતનથી જ સાચું સુખ અને શાંતિ પ્રાપ્ત થઈ શકે છે.

શ્રીહરિરાયજી મહાપ્રભુ ભૂતળ ઉપર ૧૨૫ વર્ષ બિરાજ્યા છે. સં.૧૭૭૨માં આપ ખિમનોરમાં જ નિત્યલીલામાં પધાર્યા. ખિમનોરમાં વાવડી પાસે તેમની છત્રી (તુલસીક્યારો) આજે પણ વિદ્યમાન છે.

આપશ્રીના ચારે પુત્રો તેમની પહેલાં જ લીલામાં પધારી ગયા હતા. તેથી શ્રીહરિરાયજી પછી તેમનો વંશ ચાલે તે માટે શ્રીહરિરાયજીનાં વહુજી શ્રી સૌંદર્યવતાં વહુજી મહારાજે પ્રથમ ગૃહનાં ગો.શ્રી દામોદરજીના દ્વિતીય પુત્ર શ્રીગિરિધરજીને ગોદ લીધા. શ્રીગિરિધરજી શ્રીહરિરાયજી પછી દ્વિતીય પીઠાધીશ્વર બન્યા. આજે પણ આપનો વંશ શ્રીવિઠ્ઠલનાથજીની સેવામાં પ્રવૃત્ત છે.

'આજે આપણો સત્સંગનો સમય થઈ ગયો છે. શ્રીહરિરાયજીનું એક પદ ગાઈએ. આ પદમાં શ્રીહરિરાયજી બતાવે છે કે વૈષ્ણવે સવારમાં કોનું સ્મરણ કરવું, દિવસભર કોની સેવા કરવી અને સ્મરણ કરવું, કયા પુષ્ટિસિધ્ધાંતોનું પાલન કરવું અને કેવી રીતે પોતાનું જીવન વ્યતીત કરવું.' દાદાજીએ કહ્યું.

'વાહ, એક જ પદમાં આપશ્રીએ આટલી બધી બાબતો બતાવી છે? જાણે ગાગરમાં સાગર!'

આપણે આ પદ ગાઈએ અને પછી તેને મુખપાઠ કરીને, દરરોજ, શ્રીહરિરાયજીનું સ્મરણ કરીને, પદમાં તેમણે કરેલી આજ્ઞા પ્રમાણે વર્તીએ.

ભોર હી શ્રીવલ્લભ વલ્લભ કહીએ ।
આનંદ પરમાનંદ કૃષ્ણ મુખ, સુમિર અષ્ટ સિદ્ધિ પઈએ ॥૧॥
ઓર સુમિરો શ્રીવિઠ્ઠલ ગિરધર, ગોવિંદ દ્વિજવર ભૂપ ।
શ્રીબાલકૃષ્ણ ગોકુલપતિ રઘુપતિ, યદુપતિ ઘનશ્યામ સ્વરૂપ ॥૨॥
પઢો સાર વલ્લભ વચનામૃત, અષ્ટાક્ષર હી જપો કરી નેમ ।
અન્ય શ્રવણ કીર્તન તજિ નિસદિન, સુનો સુબોધિની ધરિ જિય પ્રેમ ॥૩॥
નંદ જસોમતિસુત નિત સેવો, પ્રેમ ભક્તિ સહિત જિય જાનિ ।
અન્યાશ્રય અસમર્પિત લેનો, અસદાલાપ, અસત્સંગ હાનિ ॥૪॥
નયનન નિરખો શ્રીકાલિન્દી, ઔર નિરખો સુખદ વ્રજધામ ।
યહ સંપત શ્રીવલ્લભતે પૈયે, 'હરિજન' કો કાહૂસોં નહીં કામ ॥૫॥

આ પદમાં શ્રીહરિરાયજીએ પોતાની છાપ 'હરિજન' મૂકી છે. પોતે હરિના જન છે એવું કહી માત્ર હરિની સત્તાનો જ સ્વીકાર કરે છે.

'બાળકો, પુષ્ટિમાર્ગના સ્વરૂપને અનેક ગ્રંથો અને કીર્તનો દ્વારા સમજાવવાની મોટી કૃપા પુષ્ટિજીવો ઉપર કરીને જેમણે 'મહાપ્રભુ'નું બિરૂદ સાર્થક કર્યું છે એવા શ્રીહરિરાયચરણનાં ચરણકમલોમાં સાદર કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરીને આજના સત્સંગનું સમાપન કરીશું. સૌને જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ.'

૧૨. વૈષ્ણવનું સ્વરૂપ

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે -

‘વૈષ્ણવનું સ્વરૂપ નિરાળું છે. અલૌકિક છે. એમના હૃદયમાં શ્રીપ્રભુ અને મહાપ્રભુ બંને બિરાજે છે, તેથી જેવા અને જેટલા ભાવથી તમે હરિ-ગુરુની સેવા કરો છો. તેટલા જ ભાવથી વૈષ્ણવની સેવા પણ કરજો. વૈષ્ણવની સેવામાં હરિ-ગુરુની સેવા આપોઆપ થઈ જશે.’

શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક પદ્મનાભદાસજીની નાની દીકરીને ઘેર ભગવત્સેવા ન હતી. તે અને તેના પતિ વૈષ્ણવોની સેવા ઘણા ભાવપૂર્વક કરતા. વૈષ્ણવો માટે સામગ્રી બનાવી ભાવનાથી શ્રીપ્રભુને ભોગ ધરતા, ત્યારે પદ્મનાભદાસજીના સેવ્ય શ્રીમથુરાધીશ પ્રભુ ત્યાં પધારી તે સામગ્રી અંગીકાર કરતા.

આ પુષ્ટિમાર્ગ વૈષ્ણવોની કૃપાથી જ ફલિત થશે. માટે વૈષ્ણવોની સેવા અને વૈષ્ણવોનો સત્સંગ ખૂબ કરવો. વૈષ્ણવ સ્વયં વ્રજનું સ્વરૂપ છે. એનો બાહ્ય દેહ વિશુદ્ધ મથુરાતટ છે. અગિયાર ઈન્દ્રિયો અને બારમું અંતઃકરણ મળી બાર વન-ઉપવન છે. એનું ચિત્ત ગિરિ ગોવર્ધન છે. એનું મન ગોકુળ નંદગામ છે. એનું હૃદય પરાસોલી - ચંદ્રસરોવર છે. એના પ્રાણ બરસાના છે. એની ભીતર ભક્તિરૂપા શ્રીયમુનાજી વહે છે. આવા વૈષ્ણવના આંતરદેહ રૂપ વ્રજચોરાસી કોસમાં શ્રી પ્રભુ સદા રમણ કરે છે. માટે વૈષ્ણવને સાધારણ ન જાણવા. વૈષ્ણવની કૃપાથી હરિગુરુની કૃપા સહજ સિદ્ધ થાય છે.

વૈષ્ણવના લૌકિક સ્વરૂપનો વિચાર ન કરવો. વૈષ્ણવના દોષ ન જોવા. વૈષ્ણવની કસોટી ન કરવી. વૈષ્ણવની નિંદા ન કરવી. ‘વાકી મનકી વે જાને, મેરે મન જગદીશ.’ વૈષ્ણવમાં કદી અભાવ ન લાવવો. વૈષ્ણવની સેવા ભાગ્યથી જ મળે. માટે દીનતા અને પ્રેમપૂર્વક વૈષ્ણવોની ખૂબ સેવા કરવી. વૈષ્ણવના સંગમાં લૌકિક વિષયોનો કદી પણ વિચાર ન કરવો. હું પણ હંમેશા વલ્લભના એ લાડીલાઓ પાસે તેમનું દાસ્ય માગું છું. **‘તેષામેવ સદાસ્તુ દાસ્યમપરં કિં વા ફલં જન્મનઃ’**

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

દ્વારા પ્રકાશિત હાલ મળતાં પુસ્તકો

પુસ્તકનું નામ	ન્યો. રૂા.	પુસ્તકનું નામ	ન્યો. રૂા.
શ્રીનામરત્નાખ્ય સચિત્ર	૧૫૦	પ્રગટ્યો પરિપૂરણ નેહ	૪૦
વ્રજ મેરે મન ભાયી	૩૫૦	હરિથી હું હરિયાળો (નવલકથા)	૩૦
મૂલપુરુષ સચિત્ર	૧૨૫	શ્યામ રંગ સમીપે જાવું (નવલકથા)	૩૫
વ્રજદેશ ગિરિરાજ રાજે	૩૦	શ્રીવલ્લભાખ્યાન રસપાન (ભાગ-૧)	૩૦
ષોડશગ્રંથનું આચમન - ભાગ:૧	૬૦	શ્રીભાગવતાર્થ પ્રકરણ સ્કંધ-૧	૩૦
ષોડશગ્રંથનું આચમન - ભાગ:૨	૪૫	મૃત્યુ - પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ	૫
ષોડશગ્રંથનું આચમન - ભાગ:૩	૪૫	સુખદુઃખ - પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ	૫
ષોડશગ્રંથનું આચમન - ભાગ:૪	૩૦	હું કોણ - પુષ્ટિમાર્ગીય જવાબ	૫
ષોડશગ્રંથ (સાર્થ)	૨૦	મોક્ષ - પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ	૫
ધ્યેયં સદા વલ્લભમ્ - ભાગ : ૧	૪૦	મનની શાંતિ - પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ	૫
ધ્યેયં સદા વલ્લભમ્ - ભાગ : ૨	૭૦	જીવન - પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ	૫
શ્રીયમુનાષ્ટકનું રસપાન	૫૦	ગિરિરાજ ગુણગાન	૫
ચિત્તમેં શ્રીજમુના નિસદિન રાખો	૫૦	મુલાકાત મહાનુભાવોની ભાગ - ૨	૪૦
આનંદનો આવિષ્કાર - ભાગ:૧	૭૦	ભકતકવિ કુંભનદાસ(બા.પુ.ભે.પુ.)	૨૦
આનંદનો આવિષ્કાર - ભાગ:૨	૪૦	રાજાધિરાજ શ્રીદ્વારિકાધીશ(બા.પુ.ભે.પુ.)	અપ્રાપ્ય
આનંદનો આવિષ્કાર - ભાગ:૩	૪૫	પ્રથમ નિધિ સ્વરૂપ શ્રીમથુરાનાથજી	૨૦
આનંદનો આવિષ્કાર - ભાગ:૪	૪૦	પંચમ નિધિ સ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજી	૨૦
શ્રીવલ્લભસ્ય હિતમ્ વચઃ	૬૦	લાડીલા લાલન શ્રીનવનીતપ્રિયજી	૨૦
પુષ્ટિમાર્ગની પગદંડી	૬૦	ષષ્ઠ ગૃહ નિધિ સ્વરૂપો(બા.પુ.ભે.પુ.)	૨૦
પુષ્ટિમાર્ગકા સંક્ષિપ્ત પરિચય (હિન્દી)	૩૦	દ્વિતીય, ચતુર્થ અને સપ્તમ ગૃહનાં નિધિસ્વરૂપો	૨૦
શિક્ષાપત્રનું આચમન - ભાગ:૧	૭૦	શ્રીગોપીનાથજી પ્રભુચરણ	૨૦
શિક્ષાપત્રનું આચમન - ભાગ:૨	૬૦	વલ્લભનંદન શ્રીગુસાંઈજી પ્રભુચરણ	૨૦
શિક્ષાપત્રનું આચમન - ભાગ:૩	૫૦	માળાતિલક રક્ષણહાર	૨૦
શિક્ષાપત્રનું આચમન - ભાગ:૪	૫૦	શ્રી દામોદરદાસ હરસાનીજી	૨૦
તુલસીકયારો ભાગ:૧	૭૦	મહાનુભાવ કૃષ્ણદાસ મેઘન	૨૦
તુલસીકયારો ભાગ:૨	૪૦	મહાનુભાવ સૂરદાસજી	૫
તુલસીકયારો ભાગ:૮	૫૦	સિદ્ધાંત રહસ્ય (ગુજરાતી+અંગ્રેજી)	૧૦
તુલસીકયારો ભાગ:૯	૩૦	નવરત્ન (અંગ્રેજી+ગુજરાતી)	૨૦
તુલસીકયારો ભાગ:૧૦	૩૦	કૃષ્ણાશ્રય સ્તોત્ર (ગુજરાતી + અંગ્રેજી)	૧૫
તુલસીકયારો ભાગ:૧૧	૩૫	યમુનાષ્ટક (ગુજરાતી + અંગ્રેજી)	૧૫
ધોળપદ કીર્તન સુમન	૬૦	‘વૈષ્ણવ પરિવાર’ સેટ વર્ષ ૨૦૦૬-૦૭	૭૦
શ્રીબેઠક ચરિત્ર ભાગ - ભાગ:૧	૩૦	‘વૈષ્ણવ પરિવાર’ સેટ વર્ષ ૨૦૦૯-૧૦	૭૦
કરીયે શ્રીસર્વોત્તમ રસપાન ભાગ : ૧	૩૦	વૈષ્ણવ પરિવાર સેટ વર્ષ ૨૦૧૦-૧૧	૭૫
કરીયે શ્રીસર્વોત્તમ રસપાન ભાગ : ૨	૩૦	વૈષ્ણવ પરિવાર સેટ વર્ષ ૨૦૧૧-૧૨	૮૦
શ્રીવલ્લભનું વસિયતનામું	૨૫	‘બાલપુષ્ટિ’ સેટ વર્ષ ૨૦૦૪-૦૫	૪૦
સદામન શ્રી ગોકુળમેં રહિયે	૩૦	‘બાલપુષ્ટિ’ સેટ વર્ષ ૨૦૦૫-૦૬	૫૦
હમારો દેવ ગોવર્ધન રાનો	૩૦	‘બાલપુષ્ટિ’ સેટ વર્ષ ૨૦૦૬-૦૭	૫૦
શ્રીગોવર્ધનલીલાનું રહસ્ય	૧૫	‘બાલપુષ્ટિ’ સેટ વર્ષ ૨૦૦૮-૦૯	૫૦
શ્રીનાથજીના ધજાજી	૧૫	‘બાલપુષ્ટિ’ સેટ વર્ષ ૨૦૦૯-૧૦	૫૦
ગોઠડી ગોવિંદની	૨૦	બાલપુષ્ટિ વર્ષ સેટ ૨૦૧૦-૧૧	૫૫
નંદનંદનકે પ્યારે	૨૦	બાલપુષ્ટિ વર્ષ સેટ ૨૦૧૧-૧૨	૬૦
હરિ કરે સો હિત (નવલકથા)	૨૦		